# રાજયના અનુસૂચિત જનજાતિનાં છાત્રાલયો

## (મૂલ્યાંકન અભ્યાસ)

ચંદ્રકાંત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

૩૩૯

૧૯૯૮

## પ્રકરણીયકરણ


| ક્રમ | પ્રકરણ |
| --- | --- |
| - | આભાર |
| ૧. | પ્રસ્તાવના |
| ૨. | મૂલ્યાંકનની ભૂમિકા |
| ૩. | છાત્રાલય વ્યવસ્થા : નિયમોને કેન્દ્રમાં રાખી- |
| ૪. | છાત્રાલય જીવનથી છાત્રોનો વિકાસ |
| ૫. | છાત્રાલયો : પ્રશ્નો, તારણો અને સૂઝાવો |

# આભાર

છાત્રાલય વ્યવસ્થા એ માત્ર સરકાર, સંચાલક, કાર્યકરો કે છાત્રો પૂરતુ ન રહેતા સમાજ પણ તેની સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલ છે. એટલે અભ્યાસમાં જેમના થકી સાથ, સહકાર, માર્ગદર્શન અને સૂચનો મળ્યા છે તેને સૌને યાદ કરવાની તક લઉં છું.

છાત્રાલય વ્યવસ્થા એ અતિ મહત્વનો વિષય છે. વર્તમાન સમયમાં જ્યારે આ વ્યવસ્થા તરફ બૃહદ સમાજમાંથી શંકા-કુશંકાઓ ઉઠે છે ત્યારે ખરી સ્થિતિ શું છે તે જાણવી જોઇએ, અને આ વાસ્તવિક સ્થિતિ તો અભ્યાસ દ્વારા જ જાણી શકાય એટલે રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ તરફથી છાત્રાલયોની વર્તમાન સ્થિતિ જાણી તેના પ્રશ્નો અને ઉકેલ માટે મૂલ્યાંકન કરવાનું સૂચવ્યુ તે માટે વિભાગનો આભાર માનુ છું.

રાજ્યમાં મોટાભાગના છાત્રાલયો સ્વૈચ્છિક સંસ્થા હસ્તક છે. એટલે અભ્યાસકાળ દરમિયાન રાજ્યની જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સરકાર સંચાલિત છાત્રાલયો દ્વારા અભ્યાસ પૂર્ણ વિગતો આપી તે સૌનો રહૃદયપૂર્વક આભાર માનુ છું.

અભ્યાસમાં પાયારૂપ છાત્રો, છાત્રલયના ગૃહપતિ, ગૃહમાતા અને અન્ય કર્મચારીઓએ તેમજ છાત્રાલય વ્યવસ્થા સાથે સંકળાયેલ પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ વગેરેએ અભ્યાસની વિગતો પૂરી પાડવા ખૂબજ મદદ કરી છે તે સૌને યાદ કર્યા વગર રહી શકાતું નથી.

કેન્દ્રના નિયામક ડૉ. સિદ્ધરાજભાઇ સોલંકી કે જેમણે પોતાના અનુભવનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપી જરૂરી સૂચનો કરી અહેવાલને સમૃદ્ધ કરવામાં પ્રોત્સાહિત કર્યા છે તેમનો અંત:કરણથી આભાર માનુ છું.

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

## પ્રસ્તાવના :

આદિવાસીઓ આણા દેશનાં વાસીઓ છે આણી ભારત ભૂમિનાં સંતાનો છે. આપણા ભાઈ- બહેનો છે. સ્વરાજ્યોત્તર કાળમાં સર્વાંગી વિકાસ માટે, સરકારે ભગીરથ પ્રયત્નો આદર્યાં છે. સરકારનાં આ પ્રયત્નોમાં સેવાભાવી સ્વૈચ્છિક અને બિનસરકારી સંસ્થાઓએ પ્રશંસનીય સાથ આપ્યો છે. આપણાં બંધારણે પણ આદિવાસી ભાઈ-બહેનો અને તેમનાં સંતાનોનાં સર્વાંગી વિકાસને માટે બંધારણિક જોગવાઈની સૂચનાઓ આપેલી છે.

આ સર્વાંગી વિકાસમાં મદદ રૂપ થતાં અગત્યનાં માધ્યમોમાનું એક માધ્યમ શાળા છે. આદિવાસી બાળકોનાં શિક્ષણને માટે, ખાસ કરીને સ્વરાજ્ય મળ્યા પછી સારી સુવિધાઓ થઈ છે. એ બાળકોનાં શિક્ષણ માટે છાત્રાલયો પણ વધુ થવા લાગ્યાં છે. આજે ગુજરાતમાં આદિવાસી બાળકો માટેના ૭૮૫ છાત્રાવાસો છે.

છાત્રાલય બાળક ઘડતરનાં જે અનેક કામો કરીને તેમાં સંસ્કાર ઘડતર મુખ્ય ગણી શકાય. એક રીતે કરીએ તો છાત્રાલય એ મુખ્યત: સંસ્કૃતિનું કેન્દ્ર છે. અને સંસ્કૃતિનાં બધા અંગો ત્યાં કેળવવા જોઈએ. પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચે મુખ્ય ભેદ એ છે કે પ્રકૃતિ એની મેળે વહ્યા કરે છે. જ્યારે સંસ્કૃતિ બુદ્ધિપુર:સર કરાતા પ્રયત્નના સાતત્યથી જ જળવાય છે. સંસ્કારની કેળવણી સતત ચાલુ રાખવાથીજ સંસ્કારિતા ટકે છે.

આગળ જણાવ્યું તે મુજબ છાત્રાલય બાળકોની કેળવણીમાં ખૂબજ અગત્યનું અને પાયાનું પ્રદાન કરે છે. અને તે કેળવણી એટલે માત્ર યાદદાસ્ત નહિ ગતાનુ ગતિક ક્રિયા નહિ, કે માત્ર સારાં સારાં વિચારો પર પ્રીતિ એ પણ નહિ પરંતુ '' નિરક્ષીર ન્યાયે વિચાર કરી પ્રાપ્ત કર્મમાં શાંતમને મટ્યા રહેવાની આવડત આપે તે કેળવણી'' આવી કેળવણી શાળાના ઓરડા હકીકતોનો ભંડાર આપે, હકીકતોનું વર્ગીકરણ કરતાં પણ શીખવે, ભાષા-ઈતિહાસ વગેરે વિષયો દ્વારા ભાવનાનું રસાયણ પણ આપે, પણ કેળવણી ભણવા કે ભાવના સેવવામાં સમાપ્ત થતી નથી. જાણીને કે ભાવના સેવીને છેલ્લે તે કર્મની કસોટીએ ચડાવવાનું હોય છે. ને કર્મની કસોટીએ ચડે છે ત્યારે જ જાણકારી અને ભાવના જ્ઞાનનું સ્વરૂપ લે છે. તરવા માટે જેમ પાણીની, સિપાહી માટે જેમ પરેડના મેદાનની, વ્યાપારી માટે જેમ દુકાનની અને ખેડુ માટે જેમ ખેતરની

જરૂર છે તેમ વિદ્યાર્થીને પોતાનું જ્ઞાન અને ભાવનાનું તથ્યાતથ્ય તપાસી તથ્યને આત્મસાત્ કરવા માટે છાત્રાલય જેવા સમાજની જરૂર છે.

આમ છાત્રાલય એ સમાજની એક જરૂરિયાત છે. ખાસ કરીને ગરીબ અને સાધારણ કુટુંબના, આદિવાસી અને પછાતવર્ગના કુટુંબનાં બાળકોને સંસ્કારિક વાતાવરણમાં રહીને વ્યવહારિક કેળવણી લેવાનું એક અગત્યનું સાધન છે. એક મહત્વનું માધ્યમ છે. જો છાત્રાલયXX ન હોય તો ગામડે ગામડે રહેનારા આદિવાસીઓ પોતાનાં બાળકોને, માધ્યમિક તથા ઉચ્ચ પ્રકારની કેળવણી કઇ રીતે આપી શકે ? જેમ શાળા- કોલેજની સગવડ જરૂરી છે તેજ રીતે છાત્રવૃત્તિ પણ સમાજની એક જરૂરિયાત છે. જેથી ગરીબ અને પછાત વર્ગના બાળકોને અભ્યાસ કરવાની તક મળે છે. અને ભવિષ્યમાં તેઓ પોતાનો તથા કુટુંબનો સારી રીતે નિર્વાહ કરી શકે છે.

આમ, છાત્રાલયના સમુચિત વાતાવરણમાં રાષ્ટ્ર ઘડાય છે. સમાજ ઘડાય છે. શરીર મન, વાણી, ટેવ લાગણી, સામાજિકતા અને આખી ભાવિ સંસ્કૃતિ અને સભ્યતા ઘડાય છે.

આ ઉપરાંત બાળકો માટે છાત્રાલયનાં કેટલાંક યથાર્થ ઉદ્દેશો છે.

(૧) સ્વાવલંબી જીવન કેળવે.
(૨) સહકારની ભાવના કેળવે.
(૩) વ્યવસ્થા શક્તિ વિકસાવે.
(૪) વિનમ્રતાનો ગુણ વિકસાવે
(૫) નેતાગીરીના ગુણ વિકસાવે
(૬) સાંસ્કૃતિક પરંપરાના સંસ્કારો જાળવે

ઉપરોક્ત ઉદ્દેશોને નજરમાં રાખી ભારતના બીજા રાજ્યો કરતાં ગુજરાત એક એવું રાજ્ય છે. જ્યાં આદિવાસી ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત આદિવાસી બાળકોના શિક્ષણ માટે છાત્રાલયો ઠીક સંખ્યામાં ગોઠવાયેલાં છે. ગુજરાતમાં આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં આ છાત્રાલયોએ સારો ભાગ ભજવ્યો છે. અને એનું શ્રેય સરકારી તંત્ર સાથે ગાંધીમાર્ગે ચાલનારા સામાજિક કાર્યકરોનાં ભાગે જાય છે. બીજા રાજ્યોમાં આવા સનિષ્ઠ કાર્યકરોની અછત હોવાથી આ દિશામાં સારું પરિણામ લાવી શક્યા નથી, તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

## ગુજરાતનાં આદિવાસી છાત્રાલયો :

ગુજરાતની પૂર્વતમ પટ્ટીમાં એટલે કે દાંતાથી ડાંગ સુધીના વિસ્તારમાં લાખોની સંખ્યામાં આદિવાસીઓ છે. આ વિસ્તાર સિવાય રાજ્યના બીજા સ્થળોમાં પણ તેમની વસતિ ઠીક- ઠીક છે. જે આદિવાસીઓ અન્ય સમાજથી તદ્દન અલાયદું જીવન જીવે છે. તેમનો સમાજ, તેમની સંસ્કૃતિ, તેમનું વ્યક્તિત્વ વગેરે જુદા છે. પરંતુ સાથોસાથ તેઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે અન્ય સમુદાયોથી ઘણા પાછળ છે. તેમના આર્થિક અને સામાજિક વિકાસ માટે તેમનામાં શૈક્ષણિક રીતે વિકાસ થવો જરૂરી છે. અને આથી પહેલાનાં સમયથી આદિવાસીઓનાં શિક્ષણ માટે પ્રયત્નો થતાં રહયા પરંતુ તેનું જોઇએ તેવું પરિણામ આવ્યું નહિ.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી અને બંધારણનું ઘડતર થયું બંધારણમાં પણ પછાત જાતિના ઉત્કર્ષને માટે વિવિધ કાયદાકીય જોગવાઇઓ કરવામાં આવી અને તેમાં બંધારણની કલમ-૪૬ માં કેન્દ્ર અને રાજ્ય સરકારને નબળા વર્ગોની શૈક્ષણિક તથા આર્થિક ઉત્કર્ષની ખાસ જવાબદારી સોંપવામાં આવી, તદાનુસાર પ્રજાના નબળા વર્ગોમાના અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે રાજ્યે ખાસ પ્રબંધ કરવાનો રહે છે.

બંધારણનાં નિયમાનુસાર સરકાર છેલ્લા ૫૦ વર્ષથી કેટલીક શિક્ષણ સુવિધાઓ આદિવાસીઓને પૂરી પાડે છે. સરકારને એ વસ્તુ બરોબર સમજાઇ ગઇ હતી કે આદિવાસીઓને જો બહુ મોટા પાયા પર મદદ નહિ કરાય તો તેઓ તેમની ગરીબાઇ અને લીધે સામાન્ય સ્તર સુધી ઉભા નહિ થઇ શકે, અને તેથી છેલ્લી પંચવર્ષીય યોજનામાં શિક્ષણ લગતી અનેક યોજનાઓ ઘડાઇ અને અમલમાં મૂકાઇ અને તેથી આ થોડા શૈક્ષણિક વિકાસ થયો.

આજે પણ રાજ્યના આદિવાસી વસતિવાળા કેટલાંક ગામોમાં પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનો તો સવાલ જ ઉભો થતો નથી. એવા ઘણા કિસ્સાઓ છે કે જેમાં વિદ્યાર્થીઓએ ઘણી મુશ્કેલીઓ પછી પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ નજીકના ગામમાં માધ્યમિક શાળા ન હોવાથી શિક્ષણ પડતું મુકવું પડે છે. અને આથી શૈક્ષણિક વિકાસ માટે, હોસ્ટેલનો ધારો આવ્યો અને તેથી કહી શકાય કે પછાત વર્ગને શૈક્ષણિક રીતે અન્ય સમાજની સમકક્ષ લાવવાનાં ભારતીય બંધારણમાં

રાખવામા આવેલ લક્ષ્યને સિધ્ધ કરવા માટે વિવિધ રાજ્ય સરકારો અને ભારત સરકાર દ્વારા વિવિધ સ્તરે અમલમાં મૂકવામાં આવેલ અનેકવિધ યોજનાઓ પૈકી 'છાત્રાલય યોજના' એક મહત્વની યોજના છે.

છાત્રાલય ચાલુ કરવાના કાર્યમાં ફકત સરકાર બધું ન કરી શકે અને તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લેવો જોઇએ. ગુજરાતમા આ કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ મહદંશે રીતે ઉપાડી લીધું છે. રાજ્યમાં ઘણી જગ્યાએ આ સંસ્થાઓ, શાળા અને છાત્રાલય ચલાવે છે. છાત્રાલય ચલાવવાનું ખૂબજ ખર્ચાળ હોવાથી સરકારની મદદ વગર ચલાવવુ શકય નથી, અને રાજ્ય સરકારે આ યોજનાને માટે લગભગ બધી મદદ આપવાનું સ્વીકાર્યું છે. તેમ કહી શકાય.

રાજ્યમાં આદિવાસીની મુખ્ય વસતિ ધરાવતા આઠ જિલ્લામાં તેમજ અન્ય બિનઆદિવાસી જિલ્લાઓમાં આદિવાસીઓ માટેના કુમાર-કન્યા છાત્રાલયોની જિલ્લાવાર વિગત કોઠાનં. ૧:૧ માં છે.

## રાજ્યના અનુસૂચિત જનજાતિના જિલ્લાવાર કુમાર- કન્યા છાત્રાલયો

| ક્રમ | જિલ્લો | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૨૮ | ૪૮ | ૧૭૬ |
| ૨ | સુરત | ૬૨ | ૭૩ | ૧૩૫ |
| ૩ | ભરૂચ | ૩૬ | ૩૨ | ૬૮ |
| ૪ | વલસાડ | ૬૭ | ૪૯ | ૧૧૬ |
| ૫ | સાબરકાંઠા | ૫૨ | ૨૭ | ૭૯ |
| ૬ | ડાંગ | ૧૮ | ૧૮ | ૩૬ |
| ૭ | વડોદરા | ૩૩ | ૧૪ | ૪૭ |
| ૮ | બનાસકાંઠા | ૧૨ | ૫ | ૧૭ |
| ૯ | મહેસાણા | ૨ | ૦ | ૨ |
| ૧૦ | અમદાવાદ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ગાંધીનગર | ૧ | ૦ | ૧ |
| ૧૨ | ખેડા | ૧ | ૦ | ૧ |
| ૧૩ | જામનગર | ૧ | ૦ | ૧ |
| ૧૪ | કચ્છ | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૪૧૫ | ૨૬૬ | ૬૮૧ |

ઉપરોક્ત કોઠાથી એ હકીકત સ્પષ્ટ બને છે કે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લામાં આદિવાસી છાત્રાલયોની સંખ્યા વિશેષ છે. તેની સામે બિન આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારમાં આદિવાસી છાત્રાલયનેની સંખ્યા ઓછી અથવા તો નહિવત છે. તેમ કહી શકાય.

રાજ્યમાં અનુસૂચિત જનજાતિના છાત્રાલય સંબંધી આંકડા ચિત્રથી ત્રણ - ચાર મુદ્દા ધ્યાનકર્ષ બને છે.

(૧) છાત્રાલયોમાં સરકારી છાત્રાલયની કુલ સંખ્યા ૪૦ જેટલી છે જે બહુજ ઓછી છે.

(૨) કુમાર છાત્રાલયોની સામે કન્યા છાત્રાલયની સંખ્યા ઓછી છે.

(૩) સરકારી છાત્રાલયમાં ધોરણ-૧૨ પછી પ્રવેશ અપાય છે. એ રીતે જોતા માધ્યમિકમાં અભ્યાસ કરતા છાત્રો કરતાં ઉચ્ચ માધ્યમિકમાં અભ્યાસ કરતાં છાત્રો માટે છાત્રાવાસો નહિવત છે.

(૪) બિનઆદિવાસી જિલ્લાઓમાં છાત્રાલયોની સંખ્યા માત્ર ૭ જ છે. ત્યાંની આદિવાસી વસતિને ધ્યાનમાં લેતા આ છાત્રાલયોની સંખ્યા ઓછી કહી શકાય.

<u>છાત્રાલયોનો વિકાસ :</u>

આઝાદી પૂર્વે પછાત અને ઉંડાણમાં વસતા લોકોના કલ્યાણ માટે રાજ્ય ચિંતિત ન હતું ગાંધીજી અને એમના જેવા વિચારવાળા દેશનેતાઓ અને દેશ સેવકોને આવા લોકોના સર્વાંગી વિકાસ માટે અતિ ચિંતા હતી. તેઓએ રચનાત્મક કામ સાથે શિક્ષણને સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીના પ્રયોગો શરૂ કર્યા.

ઉંડાણમાં રહેતા આદિવાસીઓ પ્રથમથીજ શિક્ષણમાં અતિ પાછળ હતા. આ લોકોને શિક્ષણ આપવાની આગેવાની ખ્રિસ્તી મિશનરીઓએ ઉપાડી, ખ્રિસ્તી મિશનરીઓ શિક્ષણ આપવાની સાથે આ લોકોને ધર્મ પરિવર્તન કરાવતા અને તેમાં તેઓને સફળતા પણ મળી પરંતુ તેમનો શિક્ષણ પ્રચાર વ્યાપક ન હતો.

૧૯૧૯માં પંચમહાલમાં દુષ્કાળની પરિસ્થિતિ હતી તે સમયે પૂ.ઠક્કરબાપા દુષ્કાળ રાહત કાર્ય માટે પંચમહાલમાં ફર્યા અને ત્યારે ત્યાનાં ભીલોની દુર્દશા જોઈને તેઓએ એ લાગ્યુ કે ભીલો અજ્ઞાની છે. બહારનો લોકો પોતાના સ્વાર્થ ખાતર ભીલોને દબાવે છે. ભીલોની અજ્ઞાનતા, લાચારી દુર કરવા તેઓનાં બાળકોમાં સંસ્કારોનું સિંચન

થાય તેને ધ્યાનમાં રાખી ૧૯૩૭-૩૮માં પંચમહાલ જિલ્લામાં જેસાવાડા ગામે પ્રથમ છાત્રાલયની શરૂઆત કરી આમ, આઝાદી પૂર્વે પ્રથમ છાત્રાલય પંચમહાલમાં પૂ.ઠક્કરબાપાના સાનિધ્યમાં શરૂ થયું અને ત્યાર બાદ ૪૨-૪૩માં સુરત અને વલસાડ જિલ્લામાં, ૧૯૪૯-૫૦માં વડોદરા જિલ્લામાં, ૫૦-૫૧માં ડાંગ જિલ્લામાં અને ૫૨-૫૩માં બનાસકાંઠા જિલ્લામાં શરૂઆત થઈ આમ, આઝાદી પૂર્વે પંચમહાલ સુરત, વલસાડ અને વડોદરા જિલ્લામાં અને આઝાદી બાદ સાબરકાંઠા ડાંગ અને બનાસકાંઠા જિલ્લામાં છાત્રાલયો શરૂ થયાં અને કાળક્રમે તેમાં વિકાસ થતો રહયો.

રાજ્યમાં ૧૯૩૦ થી પ્રતિદશ વર્ષે છાત્રાલયોમાં કેટલો વધારો થયો છે. તે કોઠા નં. ૧.૨ જોઈ શકાશે.

કોઠો : ૧.૨

૧૯૩૦ થી ૧૯૯૫ સુધીની કુમાર - કન્યા છાત્રાલયો :

| ક્રમ | વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૩૦ થી સુધી | ૩ | - | ૩ |
| ૨ | ૧૯૩૧ થી ૧૯૪૦ | - | ૧ | ૧ |
| ૩ | ૧૯૪૧ થી ૧૯૫૦ | ૫ | ૩ | ૮ |
| ૪ | ૧૯૫૧ થી ૧૯૬૦ | ૩૦ | ૧૨ | ૪૨ |
| ૫ | ૧૯૬૧ થી ૧૯૭૦ | ૫૩ | ૩૭ | ૯૦ |
| ૬ | ૧૯૭૧ થી ૧૯૮૦ | ૧૦૩ | ૬૪ | ૧૬૭ |
| ૭ | ૧૯૮૧ થી ૧૯૯૦ | ૧૩૪ | ૮૫ | ૨૧૯ |
| ૮ | ૧૯૯૧ થી ૧૯૯૫ | ૮૭ | ૬૪ | ૧૫૧ |
| | કુલ | ૪૧૫ | ૨૬૬ | ૬૮૧ |

થાય તેને ધ્યાનમાં રાખી ૧૯૩૭-૩૮માં પંચમહાલ જિલ્લામાં જેસાવાડા ગામે પ્રથમ છાત્રાલયની શરૂઆત કરી આમ, આઝાદી પૂર્વે પ્રથમ છાત્રાલય પંચમહાલમા પૂ.ઠક્કરબાપાના સાનિધ્યમાં શરૂ થયું અને ત્યાર બાદ ૪૨-૪૩માં સુરત અને વલસાડ જિલ્લામાં, ૧૯૪૯-૫૦માં વડોદરા જિલ્લામાં, ૫૦-૫૧માં ડાંગ જિલ્લામાં અને ૫૨-૫૩માં બનાસકાંઠા જિલ્લામાં શરૂઆત થઇ આમ, આઝાદી પૂર્વે પંચમહાલ સુરત, વલસાડ અને વડોદરા જિલ્લામાં અને આઝાદી બાદ સાબરકાંઠા ડાંગ અને બનાસકાંઠા જિલ્લામાં છાત્રાલયો શરૂ થયાં અને કાળક્રમે તેમાં વિકાસ થતો રહયો.

રાજયમાં ૧૯૩૦ થી પ્રતિદશ વર્ષે છાત્રાલયોમાં કેટલો વધારો થયો છે. તે કોઠા નં. ૧.૨ જોઇ શકાશે.

કોઠો : ૧.૨

૧૯૩૦ થી ૧૯૯૫ સુધીની કુમાર - કન્યા છાત્રાલયો :

| ક્રમ | વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૩૦ સુધી | ૩ | - | ૩ |
| ૨ | ૧૯૩૧ થી ૧૯૪૦ | - | ૧ | ૧ |
| ૩ | ૧૯૪૧ થી ૧૯૫૦ | ૫ | ૩ | ૮ |
| ૪ | ૧૯૫૧ થી ૧૯૬૦ | ૩૦ | ૧૨ | ૪૨ |
| ૫ | ૧૯૬૧ થી ૧૯૭૦ | ૫૩ | ૩૭ | ૯૦ |
| ૬ | ૧૯૭૧ થી ૧૯૮૦ | ૧૦૩ | ૬૪ | ૧૬૭ |
| ૭ | ૧૯૮૧ થી ૧૯૯૦ | ૧૩૪ | ૮૫ | ૨૧૯ |
| ૮ | ૧૯૯૧ થી ૧૯૯૫ | ૮૭ | ૬૪ | ૧૫૧ |
|  | કુલ | ૪૧૫ | ૨૬૬ | ૬૮૧ |

ગુજરાતમાં છાત્રાલયનો ઇતિહાસ સાત દાયકાનો કહી શકાય. રાજયમાં સેવાભાવી કાર્યકરોના અનેક પ્રયાસોને લઇને ગુજરાતમાં આઝાદી પૂર્વે ૧૫ છાત્રાલયો શરૂ થયા હતા. તેમાં પંચમહાલ જિલ્લો સૌથી મોખરે (૯) હતો ત્યાર બાદ સુરત (૪) અને વલસાડ (૨) હત્રે માં શરૂઆત થઇ સ્વતંત્રતા બાદ મુંબઇ રાજયમાં બાબા સાહેબ ખેરનું જે પ્રધાન મંડળ હતં તેમણે આદિવાસીઓના શિક્ષણનાં પ્રશ્નમાં રસ લીધો, તેમણે તેમના સમય દરમ્યાન મુંબઇ સરકારમાં ઠરાવ પસાર કરાવ્યો, જેમાં નોંધ્યું કે 'અનુસૂચિત જનજાતિ અને પછાત વિસ્તારોમાં રહેનારા લોકોના શૈક્ષણિક પ્રશ્નનો અસરકારક રીતે ઉકેલ લાવવાના હેતુસર સરકાર આદિવાસી બાળકોના શિક્ષણ પાછળ ખાસ રસ લે, તેઓના પ્રયાસોથી ૧૯૫૧ થી ૧૯૬૦ના દાયકામાં ગુજરાતમાં વધારાના ૪૨ છાત્રાલયો ખુલ્યાં પરંતુ છાત્રાલયોની વધુ વ્યવસ્થા તો ગુજરાત રાજય અલગ થયું ત્યારથીજ થઇ તેમ કહી શકાય. જેમાં ૧૯૫૯માં અંદાજપત્ર સમિતિએ પોતાના ૪૮માં અહેવાલમાં અને ૧૯૬૧માં શ્રી ઢેબરના અધ્યક્ષ હેઠળ ઢેબર કમિશન નિમાયુ તેમની કેટલીક શિક્ષણ સંબંધી ભલામણોનુ પરિણામ છે. તેમ કહી શકાય. જેમાં ૧૯૬૧ થી ૧૯૭૦નાં દાયકામાં ૯૦ ૧૯૭૧ થી ૧૯૮૦માં ૧૬૭, ૧૯૮૧ થી ૧૯૯૦માં ૨૧૯ અને ૧૯૯૧ થી ૧૯૯૫ માર્ચ સુધીમાં ૧૫૧ છાત્રાલયો ખુલ્યાં આમ છતાં એ હકીકત તરફ પણ ધ્યાન જવું જોઇએ રાજયમાં કુમાર છાત્રાલયોની સામે કન્યા છાત્રાલયોની સંખ્યા અડધા કરતાં પણ ઓછી છે. એ ઉપરાંત આણે આગળ જોયું કે હાલમાં આદિવાસી શિક્ષણમાં જે સતત વધારો થતો રહે છે. તેના પ્રમાણમાં હાલના છાત્રાવાસો ઘણા અપુરતા છે.

## પ્રકરણ - ૨

### મૂલ્યાંકનની ભૂમિકા :

૧૯૯૧ પ્રમાણે રાજ્યમાં આદિવાસીની વસતિ ૧૪.૯૨ ટકા છે. ભારતમાં આદિવાસીની વસતિ ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો નંબર પાંચમો આવે છે. આમ, રાજ્ય માટે આદિવાસી એ એક મહત્વનો સમુદાય છે. એ તો નિર્વિવાદ વાત છે. કે દેશમાં અને રાજ્યમાં આદિવાસીઓ આર્થિક, અને શૈક્ષણિક રીતે સમુદાયોથી પાછળ રહી જવા પામ્યા છે. આ સંદર્ભમાંજ પછાતવર્ગ કમિશનરના ૧૮માં અહેવાલમાં જણાવ્યું છે કે અનુસૂચિત જનજાતિના ઉત્થાન અને વિકાસ માટે તથા આખરે રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં તેઓ એકરૂપ થાય તે માટે તેમનામાં શિક્ષણનો ઝડપથી ફેલાવો થાય એ સૌ પ્રથમ જરૂરિયાત છે. શિક્ષણ એ તેમના દીર્ઘકાલિન ગુરુચાવી છે. એનો અર્થ એ કે શિક્ષણ, સામાજિક, આર્થિક પરિવર્તનનું અસરકારક સાધન છે. પરંતુ આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે આદિવાસીઓનાો મોટો ભાગ જંગલ કે પહાડી વિસ્તારમાં વસેલો છે. આથી ત્યા પૂરતાં પ્રમાણમાં શૈક્ષણિક સવલતો પૂરી પાડી શકાઇ નથી. એ વિસ્તારમાં જઇને શિક્ષા આપવા માટે શિક્ષકો પણ તૈયાર નથી. વળી એ પણ હકીકત છે કે શિક્ષણ મેળવવાની બાબતમાં એ લોકોનુ માનસિક વલણ પણ થોડુ મોળુ રહેવા પામ્યું છે.

આના સમર્થનમાં છેલ્લા ચાર દાયકાથી આદિવાસી શિક્ષણમાં જે ધીમી પ્રગતિ થઇ છે. તેનો આંકડાકીય ખ્યાલ આપવાથી આ અંગે વધુ જાણકારી મળશે. '૧૯૬૧ની વસતિ ગણતરીના આંકડા પ્રમાણે ગુજરાત રાજ્યમાં અને રાજ્યનાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૦.૫ ટકા અને ૧૧.૭ ટકા હતું ૧૯૭૧માં આ પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯ ટકા અને ૧૪.૧૨ ટકા હતું ૧૯૮૧માં આ પ્રમાણ અનુક્રમે ૪૩.૭૦ ટકા અને ૨૧.૧૫ ટકા હતું જ્યારે ૧૯૯૧માં આ પ્રમાણ ૬૧.૨૯ ટકા અને ૨૯.૬૭ ટકા થયું આ ઉપરથી ખ્યાલ આવશે કે રાજ્યમાં છેલ્લા ત્રણ દાયકામાં શિક્ષણના પ્રમાણમાં ૩૧. ટકાનો વધારો થયો જ્યારે આદિવાસીઓના

શિક્ષણમાં માત્ર ૧૮ ટકાનો વધારો થયો. આથી સ્વાભાવિક રીતે એવુ લાગે, કે શિક્ષણના વિકાસની દ્રષ્ટિએ આદિવાસીઓના શિક્ષણના વિકાસનો દર બિનઆદિવાસીઓની સરખામણીમાં ધીમો રહયો છે. આ દર સુધારવા માટે રાજય તો પ્રયત્નો કરે છે. પરંતુ રાજયની તિ ઉપરાંત પૂ. મહાત્મા ગાંધીજીથી શરૂ કરી સર્વોદય કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આ વર્ગના શિક્ષણ વિકાસમાં ખાસ રસ લીધો છે.

રાજયમાં બંધારણના રાજયનીતિના નિર્દેશાત્મક સિધ્ધાંતોમાં ૪૫ મી કલમ દ્વારા જોગવાઇ કરવામાં આવી છે કે રાજય ૧૪ વર્ષની વય સુધીના બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયાસ કરે. આ નીતિનો સ્વીકાર રાજયમાં થયો હોવા છતાં એકલા રાજયથી આ વ્યવસ્થા બધાને પહોંચાડી શકાય એમ ન હોવાથી રાજય સરકારે એ માટેની જવાબદારીઓ કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને આપી સ્ટાર્ટ કમિટિએ પણ અગાઉ સ્વૈચ્છિક સંસ્થાઓને આવી જવાબદારી સોંપવા માટે ભલામણ કરી હતી આદિવાસીઓના શિક્ષણમાં આવી સ્વૈચ્છિક સંસ્થાઓ બે રીતે કામ કરે છે. (૧) આશ્રમશાળા શરૂ કરી બાળકો પ્રાથમિક શિક્ષણ લેતા થાય અને (૨) બાળકો માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી શકે તે માટે નવા છાત્રાલયો ખોલવા. આવી આશ્રમશાળાઓ અને છાત્રાલયોએ આદિવાસીઓના શિક્ષણ પરિવર્તનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

રાજયમાં મોટા ભાગનાં છાત્રાલયો (૯૪.૭૮ ) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. અને તે માટે તેમને સરકાર તરફથી અનુદાન મળે છે. છાત્રાલયોમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. સરકાર અને કાર્યકરોને એવુ લાગે છે કે ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓના વિકાસ માટે છાત્રાલય એક સફળ સાધન છે. આમ છતાં છેલ્લા થોડા સમયથી બૃહદ સમાજમાં એવી માનયતા વધુને વધુ પ્રચલિત થતી જાય છે. કે આદિવાસી વિસ્તારમાં હવે છાત્રાલયો પહેલાં જેટલાં ઉપયોગી નથી. એનાં કારણો એવાં આપે છે કે

(૧) માધ્યમિક શાળાની સંખ્યા વધી છે, આથી વિદ્યાર્થીઓ પોતાના ગામથી આવ-જા કરી શિક્ષણ લઇ શકે.

(૨) છાત્રાલયોમાં છાત્રોને પૌષ્ટિક પૂરતો ખોરાક તેમજ જરૂરી સવલતો અપાતી નથી.

(૩) સંચાલકોને છાત્રાલયો ખોલવામાં રસ છે, છાત્રોના વિકાસમાં નહિ.

(૪) આ ઉપરાંત છેલ્લા પંદરેક વર્ષથી ખુલેલા છાત્રાલયો વિષે કેટલીય શંકા- કુશંકાઓ , ફરિયાદો પણ સાંભળવા અને જાણવા મળે છે.

આવા તબકકે છાત્રાલયોની સફળતા કે તે અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઇ લાંબા ગાળાની દ્રષ્ટિએ નવાં છાત્રાલયોનો વિકાસ કરવો કેટલો આવશ્યક છે. તેમજ ચાલુ છાત્રાલયોમાં સુધારા-વધારાને કેટલું સ્થાન છે. એ વિષે હાલમાં તેનો વૈજ્ઞાનિક અભિગમથી અભ્યાસ કરવાનું અનિવાર્ય બન્યું છે. ઉપરાંત જયારે વિકાસનો તબકકો હોય ત્યારે તેમાં ખામી ન આવે તે માટે તેનું વાસ્તવિક આદર્શ સ્વરૂપ કેવુ હોવું જોઇએ. તેના વિષે પણ આપણે સભાન પણે વિચારવું જોઇએ. આ સંદર્ભમાં હાલમાં ચાલતા છાત્રાલયોનો આદિવાસી બાળકો કેટલો ઉપયોગ કરે છે. ? છાત્રાલય જીવનની આદિવાસી વિદ્યાર્થીઓ અને આદિવાસી સમાજ પર અસર, તેમનાં કયા પ્રશ્નો છે. ? હાલનાં છાત્રાલયો આદિવાસી બાળકો માટે પૂરતાં છે કે અપૂરતાં ? તેમજ છાત્રાલયોના પ્રશ્નોના સંદર્ભમાં તેનો વ્યવહારું મોડેલ શું હોઇ શકે ? વગેરે બાબતો જાણવી જરૂરી બની છે.

છાત્રાલયોનો આદિવાસી શિક્ષણમાં મહત્વપૂર્ણ ફાળો મનાયો હોવા છતાં એમના દ્વારા ખરેખર આદિવાસી બાળકોનાં શિક્ષણ ઉપર શી અસર પડી છે, અને આદિવાસી બાળકોના વિકાસમાં છાત્રાલયોનો કેટલા અંશે ફાળો છે. સાથે બીજા કેટલાંક મહત્વપૂર્ણ મુદાઓનો વૈજ્ઞાનિક રીતે બરોબર ખ્યાલ મેળવવો આવશ્યક છે.

આ સમગ્ર મુદાઓનો પદ્ધતિસર અભ્યાસ કરવાથી હાલમાં ચાલતા છાત્રાલયોની સ્થિતિ વિશે પૂરતો ખ્યાલ મેળવી શકાય. સાથે આદિવાસી વિસ્તારમાં છાત્રાલયોના સ્વરૂપ વિશે તેમજ તેના પ્રમાણ વિષે પણ ખ્યાલ મેળવી શકાય એટલુ જ નહિ ભવિષ્યમાં ઉભાં થતાં નવા છાત્રાલયોમાં આ સમગ્ર મુદાઓ ધ્યાનમાં લઇ આદિવાસી શિક્ષણમાં અને સમાજમાં સારું એવું યોગદાન આપી શકાય. આમ, આ સઘળી હકીકતોને ધ્યાનમાં રાખી છાત્રાલયો અંગેનો ખ્યાલ બૃહદ સમાજ સમક્ષ આપવો પ્રવર્તમાન તબકકે ઉપયોગી, આવકાર દાયક અને અનિવાર્ય પણ છે.

છાત્રાલય મૂલ્યાંકનના ઉદ્દેશો :

(૧) જે આશયોથી છાત્રાલયો સ્થપાયા છે. તે આશયો બર આવે છે. કે નહિ તે તપાસવું

(૨) છાત્રાલયોની વર્તમાન સ્થિતિ જાણવી.
(૩) છાત્રાલયની આજુ બાજુનાં ગામડાઓ તથા સ્થાનિક આદિવાસીઓનાં બાળકો કેટલા પ્રમાણમાં છાત્રાલયોનો ઉપયોગ કરે છે. તે જાણવું.
(૪) છાત્રાલયોમાં ગૃહપતિ, વિદ્યાર્થીઓનાં પ્રમાણમાં વસવાટ, પાણી, રમત- ગમત, આરોગ્ય અને શિક્ષણ પ્રોત્સાહનનાં પરિબળો અને સગવડતા તપાસવી.
(૫) છાત્રાલયોની આદિવાસી છાત્રો પર અસર.
(૬) સરકારશ્રી તરફથી જે રીતે અનુદાન લેવાય છે. તેનો કઇ રીતે ઉપયોગ થાય છે. ? તે ઉપયોગ બરોબર અને નિયમાનુસાર થાય છે. કે કેમ તે જાણવું.
(૭) આદિવાસી શિક્ષણમાં છાત્રાલયોની ઉપયોગિતા.
(૮) છાત્રાલયોનાં પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલો.

<u>નિદર્શ પસંદગી :</u>

પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે રીતે સરકારી અને સરકારી અનદાન મેળવતાં છાત્રાલયોમાંથી અભ્યાસ એકમોની પસંદગી બે - ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી કરી હતી. પ્રથમતો,
(૧) મોટાભાગનાં છાત્રાલયો ૧૯૮૦ પછી ચાલુ થયાં હોય તેને લેવાં એવું નક્કી કર્યુ અને સાથે તે જિલ્લામાં આદિવાસીઓની વધુમાં વધુ વસ્તી હોય.
(૨) એટલે કે રાજયમાં આદિવાસી વસતિ તરીકે જાહેર થયેલ જિલ્લાઓની પસંદગી આ અભ્યાસ માટે કરી જેમાં સુરત, પંચમહાલ, વલસાડ, સાબરકાંઠા, વડોદરા, ભરૂચ અને બનાસકાંઠા જિલ્લા લીધા.
(૩) બિનઆદિવાસી વસતિ તરીકે જાહેર થયેલ જિલ્લામાંથી મહેસાણા જિલ્લાને પસંદ કર્યો આ સાથે કચ્છનાં છાત્રાલયને પણ જોયાં

## આદિવાસી છાત્રાલયો :

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | છાત્રાલયનું નામ | સ્થાપના વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | વિજાપુર | વિજાપુર | ચાણક્ય કુમાર છાત્રાલય | ૧૯૯૪ |
| ૨ | વલસાડ | ધરમપુર | સુખાલા | સંજય કુમાર છાત્રાલય | ૧૯૮૩ |
| ૩ | વલસાડ | ધરમપુર | સુખાલા | કસ્તુરબા કન્યા છાત્રાલય | ૧૯૮૬ |
| ૪ | વલસાડ | વાંસદા | ઉનાઇ | સરદાર કુમાર છાત્રાલય | ૧૯૬૧-૬૨ |
| ૫ | વલસાડ | ચીખલી | ધામધુમા | શ્રી કુમાર છાત્રાલય | ૧૯૮૪-૮૫ |
| ૬ | વલસાડ | ધરમપુર | કપરાડા | લક્ષ્મણ કુમાર છાત્રાલય | ૧૯૭૯-૮૦ |
| ૭ | વલસાડ | વાંસદા | ધોડમાળ | સરસ્વતિ કન્યા છાત્રાલય | ૧૯૮૫-૮૬ |
| ૮ | વલસાડ | ચીખલી | ધામધુમા | શ્રી કન્યા છાત્રાલય | ૧૯૮૪-૮૫ |
| ૯ | વાંસદા | [illegible] | પીપલખેડ | સક્યાંદ્રિ કન્યા છાત્રાલય | ૧૯૮૨-૮૩ |
| ૧૦ | સુરત | ફોર્ટ સોનગઢ | ઉખલદા | શ્રી સરવિતિ કુમાર છાત્રાલય | ૧૯૮૫-૮૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | સુરત | માંડવી | માંડવી | નંદન કુમાર છાત્રાલય | ૧૯૯૧-૯૨ |
| ૧૨ | પંચમહાલ | સંતરામપુર | આડવા | શ્રી પ્રગતિ કુમાર છાત્રાલય | ૧૯૯૨ |
| ૧૩ | પંચમહાલ | દાહોદ | જાલત | યોગેશ્વર કૃપા આદિવાસી કુમાર છાત્રાલય | ૧૯૮૮ |
| ૧૪ | પંચમહાલ | દાહોદ | નેલસુર | શ્રી આદિવાસી કન્યા છાત્રાલય | ૧૯૮૩ |
| ૧૫ | પંચમહાલ | સંતરામપુર | ફતેહપુરા | આદિવાસી કન્યા છાત્રાલય | - |
| ૧૬ | વડોદરા | જેતપુર-પાવી | મોરા ડુંગરી | શ્રી વિર ભગતસિંહ કુમાર છાત્રાલય | ૧૯૮૮-૮૯ |
| ૧૭ | વડોદરા | જેતપુર-પાવી | સજવા | સમજુબા કન્યા છાત્રાલય | ૧૯૯૪ |
| ૧૮ | બનાસકાંઠા | દાંતા | દલપુરા | શ્રી વનવિહાર કુમાર છાત્રાલય | ૧૯૮૭-૮૮ |
| ૧૯ | બનાસકાંઠા | દાંતા | સણાલી | શ્રીમતી એમ.આર.મહેતા અંબાજી નાના કુ. | ૧૯૫૨-૫૩ |
| ૨૦ | બનાસકાંઠા | દાંતા | દલપુરા | શ્રી દેવ્યાની કન્યા છાત્રાલય | ૧૯૯૩ |
| ૨૧ | બનાસકાંઠા | દાંતા | દહાદ | શ્રી વનવાસી કન્યા છાત્રાલય | ૧૯૯૦-૯૧ |
| ૨૨ | સાબરકાંઠા | વિજયનગર | ભાખરા | આદિવાસી કુમાર છાત્રાલય | ૧૯૮૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | પોશીના | શ્રી અરવલ્લી કુમાર છાત્રાલય | ૧૯૮૮ |
| ૨૪ | સાબરકાંઠા | વિજયનગર | અંદ્રોખા | શ્રી આદર્શ કુમાર છાત્રાલય | ૧૯૬૬ |
| ૨૫ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ખેરોજ | શ્રી યશપતીબેન કન્યા છાત્રાલય | ૧૯૭૭ |
| ૨૬ | ભરૂચ | નાદોદ | રાજપીપળા | સાર્વજનિક કુમાર છાત્રાલય | ૧૯૯૩-૯૪ |
| ૨૭ | ભરૂચ | નાદોદ | માંગરોલ | શ્રી સાર્વજનિક કુમાર છાત્રાલય | ૧૯૯૦ |
| ૨૮ | ભરૂચ | રાજપીપલા | ખામર | આદિજાતિ વિકાસ મંડળ કન્યા છાત્રા. | ૧૯૯૦ |
| ૨૯ | ભરૂચ | નાંદોદ | રાજપીપળા | કન્યા છાત્રાલય | ૧૯૫૭-૫૮ |
| ૩૦ | ભરૂચ | રાજપીપળા | પ્રતાપનગર | કન્યા છાત્રાલય | ૧૯૮૩-૮૪ |
| ૩૧ | સુરત | માંડવી | માંડવી | સરકારી કન્યા છાત્રાલય | - |
| ૩૨ | વડોદરા | છોટાઉદેપુર | છોટાઉદેપુર | શ્રીમતી રમાબહેન કન્યા છાત્રાલય | ૧૯૮૩ |

## સંશોધન પ્રવિધિઓ :

છાત્રાલય અધ્યાપન માટે જે વૈજ્ઞાનિક સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે આ મુજબ છે.

### (૧) નિરીક્ષણ :

અભ્યાસમાં મોટા ભાગની વિગતો અવલોકન પર આધારિત હતી. અમોએ છાત્રાલયમાં રહીને છાત્રાલયમાં અપાતી સગવડો ભોજન, બાળકોની દિનચર્યા, ગૃહપતિ અને બાળકો, ગૃહપતિ અને બાળકો સંબંધો બાળકોની ટેવ, તેઓની સફાઇ કરવાની રીત, બાળકોનો છાત્રાલય તરફનો અભિગમ વગેરે જોયું હતું.

### (૨) મુલાકાત માર્ગદર્શિકા :

છાત્રાલયનાં સંચાલકો, ગૃહપતિ, બાળકો, પ્રશાસનમાં કામ કરતાં આ વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓની મુલાકાત લઇ છાત્રાલય સંબંધીત વિગતો મેળવી હતી.

### (૩) અનુસૂચિ :

અનુસૂચિમાં છાત્રાલયની સ્થાપના, કોના સંચાલન નીચે ચાલે છે. ? છાત્રો છાત્રાઓની સંખ્યા, તેઓ કઇ જાતિના છાત્રો, છાત્રાલયનું વહીવટી માળખું, બાળકો માટેની સુવિધા, કર્મચારીની વિગત, છાત્રાલયનાં પ્રશ્નો અને ઉકેલ સંબંધી સૂચનો વગેરે મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો.

આ ઉપરાંત સંસ્થા છાત્રાલય ચલાવે છે. તે સંસ્થાના મુખ્ય સંચાલકને મળી સંચાલન અને છાત્રાલય સંબંધી પ્રશ્નોની ચર્ચા કરી. વિકાસ અંગેના સુચનો મેળવ્યા અને છાત્રાલય વ્યવસ્થા સંબંધી જે કોઇ અગાઉ કામ થયું છે. તેના અંકો, પુસ્તકો, પત્રિકાઓ, લેખો, તેમજ આના સંદર્ભમાં થયેલ કાર્યગોષ્ઠિ વગેરેનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો.

## પ્રકરણ - ૩

## છાત્રાલય વ્યવસ્થા : નિયમોને કેન્દ્રમાં રાખી

### છાત્રાલયનું કલેવર :

છાત્રાલયમાં સૌથી મહત્વની વસ્તુ વાતાવરણની છે. છાત્રાલયમાં રહેવાથી ચારિત્ર્ય ઘડતર અને જીવન ઘડતર થાય છે. તેવી અનુભૂતિ છાત્રોને થવી જોઇએ છાત્રાલયની મુલાકાતે આવનાર વાલીઓ અને મહેમાનોને છાત્રાલયનું વાતાવરણ ગમી જાય તેવું હોવું જોઇએ. છાત્રાલયનો ડર લાગવો જોઇએ નહિ સૌને છાત્રાલય તરફ આદર અને આકર્ષણ થાય તેવા છાત્રાલયને આદર્શ છાત્રાલય ગણાવી શકાય.

ટૂંકમાં છાત્રાલય એ ઇટ માટીનું મકાન નથી. પરંતુ તેની વ્યવસ્થા તેમાં અપાતી તાલીમ તેની બાંધણી તેની અંદરનુ વાતાવરણ વગેરેથી છાત્રોને પ્રેરણા મળવી જોઇએ. આ દરેક બાબતને ધ્યાનમાં રાખી છાત્રાલયની ભૌતિક સગવડતા તેનું કલેવર કેવુ છે. તેની ચર્ચા આ પ્રકરણમાં કરીશું

### છાત્રાલયમાં કેટલી શ્રેણી સુધીના છાત્રો માટે વ્યવસ્થા છે. :

છાત્રાલયમાં કેટલા ધોરણ સુધીના છાત્રો રહીને અભ્યાસ કરી શકે છે. તે અંગે જાણતા ૪ થી ૧૧ શ્રેણી સુધીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલય -૧, ૫ થી ૭ શ્રેણીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલય- ૫, ૫ થી ૧૨ શ્રેણીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલયો-૨ ૬ થી ૧૦ શ્રેણી સુધીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલય- ૧ ૮ થી ૧૦ શ્રેણી સુધીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલયો - ૨૦

કોઠા નં. ૩.૧

છાત્રાલયમાં કેટલી શ્રેણી સુધીની વ્યવસ્થા :

| ક્રમ | શ્રેણી | સંખ્યા | |
|---|---|---|---|
| ૧ | ૪ થી ૧૧ | ૧ | ૩.૧૩ |
| ૨ | ૫ થી ૭ | ૧ | ૩.૧૩ |
| ૩ | ૫ થી ૧૦ | ૫ | ૧૫.૬૨ |
| ૪ | ૫ થી ૧૨ | ૨ | ૬.૨૫ |
| ૫ | ૬ થી ૧૦ | ૧ | ૩.૧૩ |
| ૬ | ૮ થી ૧૦ | ૨૦ | ૬૨.૫ |
| ૭ | ૮ થી ૧૨ | ૨ | ૬.૨૫ |
| | કુલ : | ૩૨ | ૧૦૦ |

અને છેલ્લે ૮ થી ૧૨ શ્રેણી સુધીની વ્યવસ્થા ધરાવનાર છાત્રાલયની સંખ્યા - ૨ હતી. સમગ્ર રીતે જોતાં ૮ થી ૧૦ શ્રેણી સુધીની વ્યવસ્થા ધરાવનાર મોટા ભાગના છાત્રાલયો એટલે કે ૨૦ હતા.

મકાન :

અભ્યાસમાં સરકાર દ્વારા સંચાલિત અને સરકારી અનુદાન મેળવતા છાત્રાલયોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મહદ અંશે બન્ને પ્રકારનાં છાત્રાલયના મકાનની વ્યવસ્થાથી સંતોષ થતો નથી.

આપણી પ્રાચીન શિક્ષણ સંસ્થાઓની વ્યવસ્થામાં આશ્રમો કંઈક અલાયદા વાતાવરણમાં હતા. પરંતુ હાલમાં આવું કંઈ જોવા મળતું નથી. અભ્યાસમાં આવરી લીધેલા અને અન્ય છાત્રાલયોની મુલાકાત લેતાં ખ્યાલ આવે છે. કે મકાનની અપૂરતી સવલત છે. તેમાં પણ જે છાત્રાલયનાં મકાનો ભાડાનાં છે તેમાં અગવડતાનું પ્રમાણ વધારે છે. આવા છાત્રાલયને છાત્રાલય તરીકે ઓળખાવી શકાય નહિ.

આ છાત્રાલય ચલાવનાર સંસ્થાઓ છાત્રાલય કયા હેતુથી ચલાવે છે. તે અંગે પ્રશ્ન ઉદ્દભવે છે. આવા છાત્રાલયમાં પણ અપૂરતી સવલત હોય છે અને આના અંગે વિશેષ ધ્યાન સંસ્થાવાળા આપતા નથી. અભ્યાસમાં આવરી લીધેલા છાત્રાલયોની મકાનની વિગત નીચેના કોઠામાં આપવામાં આવી છે.

કોઠા નં. ૩.૨

મકાન કોનું છે. ? પોતાનું હોયતો સરકારી અનુદાનથી બંધાવેલ છે કે નહિ તે દર્શાવતો કોઠો :

| મકાન કોનું છે. ? | | | | સરકારી અનુદાનથી બંધાવેલ | | |
|---|---|---|---|---|---|---|
| સરકારી | પોતાનું | ભાડાનું | કુલ | હા | ના | કુલ |
| ૪ | ૧૨ | ૧૬ | ૩૨ | ૮ | ૪ | ૧૨ |
| ૧૨.૫ | ૩૭.૫ | ૫૦ | ૧૦૦ | ૬૬.૬૭ | ૩૩.૩૩ | ૧૦૦ |

છાત્રાલય જે મકાનમાં ચાલે છે. તે મકાન કોનું છે ? તે જાણવું જરુરી છે. અને તેથી તે અંગે પૂછતાં કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૪(૧૨.૫) છાત્રાલયો સરકારી મકાનમાં, ૧૨(૩૭.૫) છાત્રાલયો પોતાના એટલે કે સંચાલક સંસ્થાના અને ૧૬(૫૦) છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે.

સંસ્થાના પોતાના ૧૨ મકાનમાંથી ૮ છાત્રાલયો(મકાન) સરકારી અનુખાનથી બંધાયેલ છે. જયારે ૪ છાત્રાલયોના મકાન સ્વખર્ચે બંધાવેલ છે.

છાત્રાલય કોનું છે. છાત્રોની મુકરર સંખ્યા અને હાલમાં કેટલા છાત્રો છે.

અભ્યાસ હેઠળ કુમાર અને કન્યા બન્ને છાત્રાલયોને લેવામાં આવ્યા છે. તેથી એ જાણવું જરુરી છે કે પસંદ કરેલ ૩૨ છાત્રાલયોમાંથી કેટલા છાત્રાલયો કુમારનાં છે. અને કેટલા છાત્રાલયો કન્યાનાં છે. જેમાં કુમાર છાત્રાલયોની સંખ્યા ૧૯(૫૯.૩૮) છે. જયારે કન્યા છાત્રાલયોની સંખ્યા (૪૦.૬૨) છે. કન્યા છાત્રાલયોની સંખ્યા કુમાર છાત્રાલયોની સંખ્યા જોતા ઓછી છે તેમ કહી શકાય.

[illegible]ોની સંખ્યા અને હાલમાં કેટલા છાત્રો છે.

છાત્રાલય કોનું છે છાત્રોની સંખ્યા અને સંચાલન હસ્તકની અન્ય કઇ કઇ સંસ્થાઓ છે તે નીચેના કોઠા નં.૩.૩ માં દર્શાવવામાં આવેલ છે.

કોઠા નં.-૩.૩

છાત્રાલય કોનું છે.

| કુમાર | કન્યા | કુલ | મુકરર છાત્રોની સંખ્યા | હાલમાં કેટલી છાત્રો છે. |
|---|---|---|---|---|
| ૧૯ | ૧૩ | ૩૨ | ૧૨૪૦ | ૧૩૩૦ |
| ૫૯.૩૮ | ૪૦.૬૨ | ૧૦૦% | | |

કુલ ૩૨ છાત્રાલયોમાં છાત્રોની મુકરર હાલ ૩૨ છાત્રાલયોમાં કુલ સંખ્યા મળી ૧૩૩૦ જોવા મળે છે. એનો અર્થ એ થયો કે મુકરર સંખ્યા કરતાં ૯૦ છાત્રોની સંખ્યા વધારે છે. જેનો ખર્ચ સંસ્થા ભોગવતી હશે અથવા તો વિદ્યાર્થીઓ સ્વખર્ચે રહેતા હશે તેમ કહી શકાય.

રૂમોની સંખ્યા અને પ્રકાર :

છાત્રાલયના મકાન વિશે જોયા પછી હવે મકાનમાં રૂમોની સંખ્યા વિભાગવાર જોવાનો પ્રયત્ન કર્યો છે. જે કોઠા નં.૩.૪ માં બતાવ્યું છે.

કોઠામાં બતાવ્યા પ્રમાણે કુલ આવરી લીધેલ ૩૨ છાત્રાલયોના કુલ મળી ૨૧૮ રૂમો હતા જેમાંથી રહેવા માટે ૧૧૫, રસોડા માટે-૩૧, કોઠાર- ૨૯ ભોજનાલય- ૧૧, કાર્યાલય- ૯, વાંચનાલય- ૩, મહેમાનગૃહ- ૧ અને કર્મચારી નિવાસ- ૧૯ છે. કુલ રૂમોમાંથી ૧૪૦ રૂમો પાકા અને ૭૮ રૂમો કાચા છે.

સમગ્ર રીતે જોતા રહેવા માટેના રૂમોની સંખ્યા અન્ય કરતાં વધારે ( ૧૧૫ ) છે.

## કોઠો - ૩.૪

રૂમોની સંખ્યા અને પ્રકાર દર્શાવતો કોઠો :

| રહેવા માટે | રસોડા માટે | કોઠાર | ભોજનાલય | કાર્યાલય | વાંચનાલય | મહેમાગૃહ | ગ્રંથાલય | કર્મચારી નિવાસ | કુલ | પાકા | કાચા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૫ | ૩૧ | ૨૯ | ૧૧ | ૯ | ૩ | ૧ | - | ૧૯ | ૨૧૮ | ૧૪૦ | ૭૮ | ૨૧૮ |
| ૧૨.૭૫ | ૧૪.૨૨ | ૧૩.૦૫ | ૫.૦૫ | ૪.૧૩ | ૧.૩૮ | ૦.૪૬ | | ૮.૭૧ | ૧૦૦ | | | |

મકાન ઉપરનું છજ શેનું છે. ? :

છાત્રાલયના મકાન અમુક કાચા અને અમુક પાકા છે. ત્યારે તેના ઉપરના છજ અંગે જાણતા નીચે મુજબની સ્થિતિ જાણવા મળી હતી.

નીચે કોઠામાં બતાવ્યા પ્રમાણે મેંગલોરી નળિયાનું છજ ધરાવતા છાત્રાલયો - ૧૨(૩૭.૫), દેશી નળિયાનું છજ ધરાવતા છાત્રાલયો-૧ (૩.૧૩) સ્લેબ ધરાવતા છાત્રાલયો-૯ (૨૮-૧૨) સિમેન્ટના પતરાનું છજ ધરાવતા છાત્રાલયો-૯(૨૮.૧૨) અને વાંસની સળિઓનું છજ ધરાવતા છાત્રાલય-૧ (૩.૧૩) છે.

કોઠો - ૩.૫

મકાન ઉપરનું છજ દર્શાવતો કોઠો :

| મેંગલોરી નળિયા | દેશી નળિયા | સ્લેબ(ધાબું) | સિમેન્ટના પતરા | વાંસની સળિઓનું | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૨ | ૧ | ૯ | ૯ | ૧ | ૩૨ |
| ૩૭.૫ | ૩.૧૩ | ૨૮.૧૨ | ૨૮.૧૨ | ૩.૧૩ | ૧૦૦ |

સમગ્ર રીતે જોતા મેંગલોરી નળિયાનું છજ ધરાવનાર છાત્રાલયો સૌથી વધારે (૧૨) છે.

એક રૂમમાં કેટલા બાળકો રાખવામાં આવે છે. ? :

એક રૂમમાં કેટલા બાળકોને રાખવામાં આવે છે. તે જાણવાથી બાળકોના શૈક્ષણિક વિકાસ અંગેનો ખ્યાલ આવી શકે છે.

એક રૂમમાં ૬ થી ૧૦ છાત્રોની સંખ્યા રાખવા હોય તેવા ૧૧(૩૪.૩૮) છાત્રાલયો ૧૧ થી ૧૫ છાત્રો રાખતા હોય તેવા ૬(૧૮.૭૫) છાત્રાલયો, ૧૬ થી ૨૦ છાત્રો રાખતા હોય તેવા ૮(૨૫) છાત્રાલયો, ૨૧ થી ૨૫ છાત્રો રાખતા હોય તેવા ૪(૧૨.૫) છાત્રાલયો ૨૬ થી ૩૦ છાત્રો રાખતા હોય તેવા ૨(૬.૨૫) છાત્રાલયો અને ૩૬ થી ૪૦ છાત્રોને રાખતા હોય તેવું -૧ છાત્રાલય છે.

સમગ્ર રીતે જોતા ૬ થી ૧૦ છાત્રોને રાખતા હોય તેવા છાત્રાલયોની સંખ્યા વિશેષ -૧૧(૩૪.૩૮) છે.

## છાત્રોને છાત્રાલયમાં મળતી સવલત :

છાત્રાલયમાં છાત્રોને શું શું સવલત મળે છે. તેની પણ તપાસ કરવામાં આવી છે. અભ્યાસ હેઠળનાં કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૧૯ છાત્રાલયો કુમારનાં અને ૧૩ છાત્રાલયો કન્યાનાં છે. જેમાં કુલ મળી છાત્રોની સંખ્યા ૧૩૩૦ છે. આ ૩૨ છાત્રાલયોનાં ૧૩૩૦ છાત્રાોમાંથી કેટલા છાત્રાલયમાં કેટલા છાત્રોને કઇ કઇ સવલતો આપવામાં આવે છે. તે નીચેના કોઠા નં.૩.૬ માં આપવામાં આવ્યુ છે.

કોઠામાં દર્શાવ્યા મુજબ પલંગની સવલત -૬ છાત્રાલયોમાં ૩૭૩ છાત્રોને પૂરી પાડવામાં આવે છે. ગાદલાની સવલત-૭ છાત્રાલયોમ ૪૦૧ છાત્રાોને, શેતરંજી -૧૩ છાત્રાલયોમાં ૫૬૬ છાત્રોને, ઓશીકું-૫ છાત્રાલયમાં ૨૮૪ છાત્રોને, ચાદર -૧૩ છાત્રાલયમાં ૫૬૬ છાત્રોને,

## કોઠો - ૩.૬

છાત્રોને કઇ કઇ વસ્તુઓ (સુવિધાઓ) આપવામાં આવે છે. તે દર્શાવતો કોઠો :

| વિગત | પલંગ | ગાદલુ | શેતરંજી | ઓશીકું | ચાદર | કબાટ | થાળી/વાટકા પ્યાલો | ખુરશી ટેબલ | ગણવેશ | પુસ્તકો | નોટબુકો સાબુ | પ્રસાધનના સાધનો | તેલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છાત્રાલયની સંખ્યા | ૬ | ૭ | ૧૩ | ૫ | ૧૩ | ૬ | ૧૦ | ૧ | ૩ | ૪ | ૨૬ | ૧ | ૫ |
| છાત્રોની સંખ્યા | ૩૭૩ | ૪૦૧ | ૫૬૬ | ૨૮૪ | ૫૫૬ | ૧૪૦ | ૪૪૬ | ૨૭ | ૧૮૭ | ૯૫ | ૧૧૮૮ | ૧૦ | ૨૫૧ |

કબાટ- ૬ છાત્રાલયમાં ૧૪૦ છાત્રોને થાળી/વાડકો/ગ્લાસ ૧૦ છાત્રાલયમાં ૪૪૬ છાત્રોને, ખુરશી - ટેબલ -૧ છાત્રાલયમાં ૨૭ છાત્રોને, ગણવેશ -૩ છાત્રાલયમાં ૧૮૭ છાત્રોને, પુસ્તકો ૪ છાત્રાલયમાં ૯૫ છાત્રોને, સાબુ ૨૬ છાત્રાલયમાં ૧૧૮૮ છાત્રોને, પ્રસાધનનાં સાધનો ( બહેનો માટે ) ૧ છાત્રાલયમાં ૧૦ છાત્રોને, અને તેલ -૫ છાત્રાલયમાં ૨૫૧ છાત્રોને અપાય છે.

સમગ્ર રીતે જોતા સૈથી વધારે છાત્રોને સવલત મળતી હોય તેવી વસ્તુ સાબુ છે. જે કરમાંથી ૨૬ છાત્રાલયમાં અપાય છે.

છાત્રાલયમાં અપાતી સુવિધાઓ :

(૧) જાજરૂના પ્રકાર અને સંખ્યા તેમજ તેમાં પાણીની સગવડ :

છાત્રાલયની પાયાની સુવિધામાં જાજરૂ એક અગત્યનો ભાગ ભજવે છે. કારણ કે જાજરૂની સગછડ ન હોય તો છાત્રોને બહાર ખુલ્લામાં બેસવું પડે છે. તેને લીધે બે મુશ્કેલીઓ સર્જાય છે. એક તો ગંદકી થાય છે. અને બીજી જે મહત્વની છે તે બાળકોના મનમાં જાતિય વિકૃતિ આવવાનો સંભવ છે. તેથી છાત્રાલયની સાથે સંડાસ હોય તે જરૂરી છે. અને તેથી જ તે અંગે જાણતા કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૨૬ છાત્રાલયોમાં સંડાસની સુવિધા છે. જ્યારે ૬ છાત્રાલયોમાં આ સુવિધા નથી.

## કોઠો - ૩.૭

છાત્રાલયમાં જાજરૂ - મુતરડી અને બાથરૂમ જેવી પ્રાથમિક સુવિધાની માહિતી દર્શાવતો કોઠો :

| (૧) જાજરૂના પ્રકાર અને સંખ્યા | | | | | (૨) જાજરૂમાં પાણીની સગવડ છે. | | | (૩) હા, તો પ્રકાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાળકુવા | ડબ્બા | ફલસ | કુલ | સંડાસ નથી | હા | ના | કુલ | સીધું નળ દ્વારા | ઉપરની ટાંકી | કુલ |
| ૪૭ | ૭ | ૫૧ | ૧૦૫ | ૬ | ૧૫ | ૧૧ | ૨૬ | ૬ | ૯ | ૧૫ |
| | | | | | ૫૭.૬૯ | ૪૨.૩૧ | ૧૦૦ | ૪૦ | ૬૦ | ૧૦૦ |

| (૪) જાજરૂની સફાઇ કોણ કરે છે. | | | | | (૫) પેશાબખાનું છે. | | | (૬) હા, તો પ્રકાર | | | | (૭) નાવણિયા કેવા અને કેટલા છે. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છાત્રો/છાત્ર | ભંગીભાઇ | સફાઇ કામદા. | સંડાસ નથી | કુલ | હા | ના | કુલ | કંતાનં | ઈંટો | માટી | કુલ | ખુલ્લા | બંધ | નથી | કુલ |
| ૨૦ | ૨ | ૪ | ૬ | ૩૨ | ૧૭ | ૧૫ | ૩૨ | ૪ | ૮ | ૫ | ૧૭ | ૩૩ | ૫૮ | ૫ | ૯૬ |
| ૬૨.૫ | ૬.૨૫ | ૧૨.૫ | ૧૮.૭૫ | ૧૦૦ | ૫૩.૧૩ | ૪૬.૮૭ | ૧૦૦ | ૨૩.૫૩ | ૪૭.૦૫ | ૨૯.૪૧ | ૧૦૦ | ૩૪.૩૮ | ૬૦.૪૨ | ૫.૨૧ | ૧૦૦ |

કોઠામાં દર્શાવ્યા મુજબ કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૬ છાત્રાલયો એવા છે કે જયા જાજરૂની સગવડ નથી બાકીના ૨૬ છાત્રાલયોમાં ખાળકૂવા ૪૭, ડબ્બાજાજરૂ- ૭ ફલશ જાજરૂ - ૫૧ મળી કુલ- ૧૦૫ જાજરૂ સંખ્યા જોવા મળે છે. આ ૨૬ છાત્રાલયોના જાજરૂમાંથી ૧૫ (૫૭.૬૯) છાત્રાલયો-ના જાજરૂમાંથી પાણીની સગવડ છે. જયારે બાકીના ૧૧ (૪૨.૩૧)માં પાણીની સગવડ નથી. એનો મતલબ છે કે બહારથી પાણી લઇને બેસવું પડે છે. જે ૧૫ છાત્રાલયના જાજરૂમાં પાણીની સગવડ છે. તેમાંથી ૬ છાત્રાલયોમાં સીધું નળનું જોડાણ છે. જયારે બાકીના ૯ જાજરૂમાં ટાંકી-માંથી પાણી આવે છે.

જાજરૂની સફાઇ કોણ કરે છે. ? તે અંગે પૂછતાં ૩૨ છાત્રાલયોમાંથ ૨૦ છાત્રાલયોમાં છાત્રો, ૨ છાત્રાલયોમાંથી ભંગીભાઇ અને ૪ છાત્રાલયમાં સફાઇ કામદાર સંડાસની સફાઇ કરે છે.

(૨) <u>પેશાબખાનું અને નાવણીયા</u> :

સંડાસની સાથે સાથે અલગ પેશાબખાનું હોય તે જરૂરી છે. તે અંગે પૂછતા કોઠામાં બતાવ્યા મુજબ જાણવા મળ્યુ કે ૧૭ (૫૩.૧૩) છાત્રાલયોમાં પેશાબખાનું છે. જયારે ૧૫ (૪૬.૮૭)છાત્રાલયોમાં પેશાબ-ખાનની સગવડ નથી. જે ૧૭ છાત્રાલયોમાં પેશાબખાનાની સગવડ છે. તે કેવા પ્રકારની છે તે અંગે પૂછતા ૪, છાત્રાલયોમાં કંતાનના બનાવેલા ૮, છાત્રાલયોમાં ઈંટોના બનાવેલા અને ૫- છાત્રાલયોમાં માટીના બનાવેલ પેશાબખાના છે.

(૩) <u>નાવણીયા</u> :

ન્હાવા માટે નાવણીયા એ કુમાર કરતા કન્યા માટે અત્યંત જરૂરી એવી બાબત છે. તેથી તે અંગે પણ માહિતી મેળવી હતી. નાવણીયા કેવા પ્રકારના છે. તે કોઠા- ૩.૭ મુજબ કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૫- છાત્રાલયોમાં નાવણીયા છે. તેમાં ખુલ્લા નાવણીયા ૩૩ અને બંધ નાવણીયા ૫૮ મળી કુલ નાવણીયાની સંખ્યા ૯૧. છે.

(૪) ગોબરગેસ, લાઇટ અને પીવાના પાણીની સગવડ છે. આરોગ્ય, રમત- ગમતનું મેદાન આની વિસ્તૃત વિગત કોઠા ૩.૮માં બતાવી છે

આગળના કોઠામાં આપણે છાત્રાલયમાં જાજરૂ વ્યવસ્થા અંગેની માહિતી મેળવી એ જાજરૂને જોડીને ગોબરગેસ પ્લાન્ટ બનાવવામાં આવે તો તેના ગેસ દ્વારા છાત્રોમાટે રસોઇ બની શકે છે. અને ખર્ચમાં ઘટાડો થઇ શકે છે. છાત્રાલયમાં ગોબરગેસ છે. ? તે અંગે પૂછતા ૩૨ છાત્રાલયોમાંથી ફક્ત - ૧ છાત્રાલયમાં જ ગોબરગેસ જોવા મળે છે.

વીજળી સુવિધા છે. ?

વીજળી એ છાત્રો માટેની અગત્યની એવી પ્રાથમિક જરૂરિયાત બની ગઇ છે. કે જેના વગર અભ્યાસમાં અડચણ આવે છે.

### કોઠા ૩.૮

છાત્રાલયમાં ગોબરગેસ, વીજળી, પાણી, આરોગ્ય, રમત-ગમતનું મેદાન ગ્રંથાલય અને ટી.વી.ની સુવિધા અંગેની માહિતી :

| ગોબરગેસ છે. ? હા તો સંખ્યા | | | વીજળીની સુવિધા છે. ? | | | પીવાના પાણીની શી સગવડ છે. ? | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | ના | કુલ | હા | ના | કુલ | નળ દ્વારા | કુવા દ્વારા | મોટર બોરીંગ | બીજેથી ઉપાડીને લાવવું પડે છે. | હેડપંપથી | કુલ |
| ૧ | ૩૧ | | ૩૧ | ૧ | ૩૨ | ૪ | ૫ | ૧૨ | ૩ | ૮ | ૩૨ |
| ૩.૧૨ | ૯૬.૮૮ | | ૯૬.૮૮ | ૩.૧૨ | ૧૦૦ | ૧૨.૬૨ | ૧૫.૬૨ | ૩૭.૫ | ૯.૩૮ | ૨૫ | ૧૦૦ |

| આરોગ્ય માટે કેવા પ્રકારની સુવિધા છે. ? | | | | | મેદાન છે. ? | | | ગ્રંથાલય છે. ? | | | ટી.વી. છે. ? | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છાત્રાલયમાં સુવિધા છે. | નજીકમાં પ્રા.આ.કે. | ગામમાં દવાખાનું છે. | કોઇજ સુવિધા નથી | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ |
| ૭ | ૬ | ૧૨ | ૭ | ૩૨ | ૨૬ | ૬ | ૩૨ | ૧૧ | ૨૧ | ૩૨ | ૬ | ૨૬ | ૩૨ |
| ૨૧.૮૮ | ૧૮.૭૫ | ૩૭.૫૦ | ૨૧.૮૮ | ૧૦૦ | ૮૧.૨૫ | ૧૮.૭૫ | ૧૦૦ | ૩૪.૩૮ | ૬૫.૬૨ | ૧૦૦ | ૧૮.૭૫ | ૮૧.૨૫ | ૧૦૦ |

અહીં કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૩૧ છાત્રાલયોમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. માત્ર - ૧ છાત્રાલયમાં વીજળી સુવિધા નથી.

(૫) પીવાના પાણીની શી સગવડ છે. ?

મનુષ્યને જીવન ટકાવવા માટે હવા- પાણી અને ખોરાક આ ત્રણ વસ્તુની જરૂર પડે છે. તેમાં હવા પછી બીજી નંબરે પાણી આવે છે. પીવા માટેનું પાણી શુદ્ધ હોય તે જરૂરી છે. કારણ કે છાત્રોમાં રોગચાળાનો પ્રશ્ન ન સર્જાય, માટે પીવા માટેના પાણીની શી સગવડ છે. તે અંગે માહિતી મેળવવામાં આવી છે.

કોઠા નં.૮ માં બતાવવામાં આવ્યું છે. તે મુજબ સીધું નળ દ્વારા પાણી આવતું હોય તેવા છાત્રાલયો- ૪ છે. હેંડપંપની સુવિધા ૮ છાત્રાલયોમાં છે. કુવા દ્વારા પાણી લાવવું પડતું હોય તેવા- ૫ છાત્રાલયો, મોટર અથવા બોરીંગ દ્વારા લાવવું પડતું હોય તેવા- ૧૨ છાત્રાલયો અને ૩ છાત્રાલયો એવા છે કે જયાં પાણીની સગવડ ન હોવાથી દૂરથી પાણી લાવવું પડે છે.

(૬) આરોગ્ય માટે કેવા પ્રકારની સુવિધા છે. ?

છાત્રાલયમાં રહેતા છાત્રો કયારે બીમાર પડી જાય તે અંગે કાંઇ નકકી ન કહી શકાય અને તેથી જ છાત્રાલયની આજુબાજુમાં અથવા છાત્રાલયમાંજ આરોગ્ય અંગેની પ્રાથમિક સગવડ ઉપલબ્ધ હોય તે જરૂરી છે.

છાત્રાલયમાં આરોગ્ય માટે કેવા પ્રકારની સુવિધા છે. તે જોવાનો પ્રયત્ન કરતાં ૩૨ છાત્રાલયોમાંથી ૭ છાત્રાલયોમાં અંદર જ આરોગ્યની પ્રાથમિક સગવડ ઉપલબ્ધ છે. ૬ છાત્રાલયોની નજીકમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. ૧૨ છાત્રાલયોને ગામમાંજ દવાખાનું આવેલું છે. અને ૭ છાત્રાલયોની આજુબાજુમાં કોઇજ આરોગ્ય અંગેની સુવિધા ઉપલબ્ધ નથી. આમ, મોટા ભાગની એટલે કે ૧૨ છાત્રાલયોને ગામમાં જ દવાખાનું હોવાથી નજીકમાં આરોગ્યની સુવિધા ઉપલબ્ધ છે.

(૭) રમત- ગમતનું મેદાન, ગ્રંથાલય અને ટી.વી. :

રમત - ગમતનું મેદાન એ બાળકોના શારીરિક વિકાસ માટે અગત્યતા ધરાવે છે. તેથી દરેક છાત્રાલયમાં તે છે કે નહિ તે અંગે પૂછતાં ૩૨ છાત્રાલયમાંથી ૨૬ છાત્રાલયોમાં આ સુવિધા છે. જયારે ૬ છાત્રાલયોમાં રમત - ગમતનું મેદાન નથી.

છાત્રોના બૌધિક વિકાસ માટે ગ્રંથાલય જરૂરી છે. અને તેથી કેટલા છાત્રાલયોમાં ગ્રંથાલય છે. તે અંગે પૂછતા જાણવા મળ્યુ કે ૩૨ છાત્રાલયમાંથી ૧૧ છાત્રાલયોમાં ગ્રંથાલયની સગવડ છે. અને ૧૨ છાત્રાલયોમાં ગ્રંથાલયની સગવડ નથી.

બાળકોને એકની એક બાબતથી કંટાળો આવતો હોય છે. તેથી બદલાવ આવે તે જરૂરી છે. અને તે માટે મનોરંજન મળે તે ઇચ્છનીય છે. હાલમાં મનોરંજન માટે ટી.વી. એ અગત્યનું માધ્યમ છે. કારણ કે ટી.વી. દ્વારા બાળક ઘણુ બધું શીખી - જાણી અને સમજી શકે છે. મા હિતી મેળવતા ૩૨ છાત્રાલયોમાંથી માત્ર - ૬ છાત્રાલયોમાં જ ટી.વી.ની સગવડ છે. ઉપરોકત વિગતોથી ખ્યાલ આવશે કે આણા છાત્રાલયો પાસે

**બાળક દીઠ ખર્ચ : (માસિક)**

સંસ્થા બાળક દીઠ માસિક કેટલો ખર્ચ કરે છે. તે અંગે પૂછતા જાણવા મળ્યુ કે ૩૨ છાત્રાલયોમાંથી ૨૧ છાત્રાલયોમાં ૨૨૫ સુધી, ૧ છાત્રાલયમાં રૂ.૨૫૦/ સુધી ૨ - છાત્રાલયમાં રૂ.૨૩૫/ સુધી, ૨ છાત્રાલયમાં રૂ.૨૭૫/ સુધી ૧ - છાત્રાલયમાં રૂ.૩૦૦/ સુધી,

કોઠો - ૩.૯

બાળક દીઠ માસિક ખર્ચની માહિતી :

| સંસ્થા બાળક દીઠ (માસિક) કેટલો ખર્ચ કરે છે. | | | | | | | | ખોરાક પૌષ્ટિક હોય છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રૂ.૨૨૫ | રૂ.૨૩૫ | રૂ.૨૭૫ | રૂ.૩૦૦ | રૂ.૨૭૫ | રૂ.૨૫૦ | નિશ્ચિત નથી | કુલ | હા | ના | કુલ |
| ૨૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૪ | ૩૨ | ૩૦ | ૨ | ૩૨ |

ખર્ચ થાય છે. તેમ જાણવા મળ્યુ જ્યારે બાકીના ૪ છાત્રાલયોમાં કેટલો ખર્ચ કરવામાં આવે છે. તેમાં અનિશ્ચિત ખર્ચ થાય છે. તેમ જાણાવ્યુ હતું.

સમગ્ર રીતે જોતા બાળક દીઠ ગ્રાન્ટ રૂ.૨૨૫ ના ધોરણે આવે છે. અને તેથી બાળક દીઠ રૂ.૨૨૫ નું ખર્ચ કરનાર છાત્રાલયની સંખ્યા વધારે છે.

ભોજન બિલ સાથે કઇ કઇ બાબતોને ખર્ચ પેટે ગણવામાં આવે છે. :

છાત્રોના ભોજન બિલ સાથે કઇ કઇ બાબતોને ખર્ચ પેટે ગણવામાં આવે છે. તે જાણવા માટે અભ્યાસમાં આવરી લેવામાં આવેલ છાત્રાલયોમાંથી મળેલ માહિતી કોઠા નં. ૩.૧૧ માં દર્શાવવામાં આવી છે.

કોઠો : ૩.૧૧

ભોજન બિલ સાથે ગણતરીમાં લેવાની અન્ય વસ્તુઓ :

| મહેમાનનું ભોજન | બળતણ | વીજળી | દળામણ | સાબુ/દવા તેલ | શાકભાજી અનાજ | વહીવટીય ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧૯ | ૨૮ | ૨૯ | ૧૫ | ૧૯ | ૧૪ | ૮ |

કોઠાને જોતા જણાય છે કે ૧૯ છાત્રાલયોમાં મહેમાનના ભોજનને છાત્રોના ભોજન બિલ સાથે ખર્ચ પેટે ગણવામાં આવે છે. જ્યારે ૨૮ - છાત્રાલયોમાં બળતણને ૨૯ છાત્રાલયોમાં વીજળીને, ૧૫ - છાત્રાલયોમાં દળામણને, ૧૯ છાત્રાલયોમાં સાબુ/ દવા અને તેલને, ૧૪ છાત્રાલયોમાં શાકભાજી /અનાજને અને ૮ છાત્રાલયોમાં સ્ટેશનરીને ભોજન બિલ સાથે ખર્ચ પેટે ગણવામાં આવે છે.

વર્ષમાં આરોગ્ય તપાસ કેટલીવાર થાય છે. :

છાત્રાલયમાં બાળકો એક સાથે રહેતા હોય, ખોરાક તેમજ હવામાનને લઇ કોઇ બિમારીનો ભોગ બનતા હોય તેવું જાણવા મળ્યું, તેથી છાત્રોની આરોગ્ય તપાસ જરૂરી છે. જે અંગે માહિતી મેળવવામાં આવતા વર્ષમાં છાત્રોની આરોગ્ય તપાસ કેટલીવાર કરવામાં આવે છે. તો કુલ ૩૨ છાત્રાલયમાંથી ૨ છાત્રાલયમાં ૧ - વખત અને ૮ - છાત્રાલયમાં ૨ - વખત આરોગ્ય તપાસ કરવામાં આવે છે. જ્યારે બાકીની ૨૨ છાત્રાલયોમાં આરોગ્ય તપાસ થતી જ નથી. જે ઘણી ગંભીર બાબત ગણાવી શકાય.

## પ્રવાસ અંગે માહિતી :

છાત્રો કંઈક નવુ જાણે અને તેમની વિચાર શક્તિ બને તે માટે પ્રવાસનું આયોજન જરૂરી છે. પ્રવાસ આયોજન અંગે જાણવા મળ્યુ કે કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૧૦ છાત્રાલયોમાં પ્રવાસનું આયોજન થાય છે. જ્યારે ૨૨ છાત્રાલયોમાં પ્રવાસનું આયોજન કરવામાં આવતુ નથી. જે ૧૦ છાત્રાલયોમાં પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. તેઓએ છેલ્લો પ્રવાસ કયા સ્થળે યોજ્યો હતો તેવું પૂછતા ૨ છાત્રાલયોએ આબુ - અંબાજી, ૨ છાત્રાલયોએ ગાંધીનગર, ૧ - છાત્રાલયે સૌરાષ્ટ્ર, ૨ -છાત્રાલયોએ સપ્તશૃંગી માતાજી ૧ - છાત્રાલયે સાપુતારા અને ૨ - છાત્રાલયોએ ડાકોર - પાવાગઢનો પ્રવાસ ગોઠવ્યો હતો.

પ્રવાસ કેટલા દિવસનો હતો તે અંગે જાણતા ૧૦ છાત્રાલયોમાંથી ૫ - છાત્રાલયોએ એક દિવસનો, એક છાત્રાલયે ૨ - દિવસનો, ૩ છાત્રાલયોએ ત્રણ દિવસનો, અને અને ૧ - છાત્રાલયે ૬ દિવસનો પ્રવાસ કર્યો હતો.

પ્રવાસનો બાળક દીઠ ખર્ચ પૂછતા જાણવા મળ્યુ કે ૧૦ છાત્રાલયોમાંથી ૨ - છાત્રાલયોમાં રૂ.૧૨૫, ૨ - છાત્રાલયમાં રૂ.૨૨૫, ૩ - છાત્રાલયોમાં રૂ.૩૨૫, ૧ - છાત્રાલયમાં રૂ.૪૨૫, ૧ - છાત્રાલયમાં રૂ.૩૦ અને ૧ - છાત્રાલયમાં રૂ.૪૨૫ થી વધારે બાળક દીઠ ખર્ચ આવેલ છે.

## કોચિંગ કલાસની વ્યવસ્થા :

છાત્રોને શાળાકીય શિક્ષણ સિવાય વધારાનુ શિક્ષણ મળી રહે તે માટે કોચિંગ કલાસની વ્યવસ્થા છે કે નહિં તે અંગે પૂછતા ૩૨ છાત્રાલયોમાંથી ૨ - છાત્રાલયોમાં વ્યવસ્થા છે. ૩૦ માં નથી કોચિંગમાં ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, અને અંગ્રેજી ઉપર ભાર અપાય છે. જે માટે બહારથી વિષય મુજબના શિક્ષકો બોલાવાય છે.

## છાત્રાલયમાં છાત્રોની સમિતિઓ :

છાત્રાલયમાં રહી છાત્રો વ્યવહારું જ્ઞાન મેળવે તે માટે તેમની ટુકડીઓ પાડવામાં આવે છે. અને દરેક ટુકડીએ પોતાને સોંપેલ કામ કરવાનું હોય છાત્રાલયમાં કઇ કઇ ટુકડીઓ છે. તેની માહિતી લેવામાં આવી

૩૨ - છાત્રાલયોમાંથી ૨૮ છાત્રાલયોમાં સફાઇ સમિતિ, ૧૭ - છાત્રાલયોમાં પાણી સમિતિ, ૧૮ છાત્રાલયોમાં પ્રાર્થના સમિતિ, ૨૨ - છાત્રાલયોમાં રસોઇ / ભોજન સમિતિ, ૪ છાત્રાલયમાં પ્રવાસ સમિતિ, ૩ છાત્રાલયમાં મંત્રી મંડળ, ૮ - છાત્રાલયમાં કોઠાર સમિતિ, ૮ - છાત્રાલયમાં આરોગ્ય સમિતિ, ૨ - છાત્રાલયમાં વ્યવસ્થા સમિતિ,

કોઠો - ૩.૧૨

છાત્રાલયમાં છાત્રોની કઇ - કઇ સમિતિઓ છે ?

| સફાઇ | પાણી | પ્રાર્થના | રસોઇ/ભોજન | પ્રવાસ | મંત્રી મંડળ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૧૭ | ૧૮ | ૨૨ | ૪ | ૩ |

| કોઠાર | આરોગ્ય | વ્યવસ્થા | દાતણ | લાકડા | રમત-ગમત |
|---|---|---|---|---|---|
| ૮ | ૮ | ૨ | ૧ | ૧ | ૬ |

| શિક્ષણ | સાંસ્કૃતિક | સ્વાગત | શાકભાજી | કોઇજ નહિ | કુલ |
|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૧ | ૧ | ૪ | ૧૨૮ |

૧ - છાત્રાલયમાં દાતણ સમિતિ, ૧ - છાત્રાલયમાં બળતણ સમિતિ, ૬ - છાત્રાલયમાં રમત - ગમત સમિતિ, ૩ - છાત્રાલયમાં શિક્ષણ સમિતિ, ૧ - છાત્રાલયમાં સાંસ્કૃતિક સમિતિ, ૧ - છાત્રાલયમા સ્વાગત સમિતિ, ૧ - છાત્રાલયમાં શાકભાજી સમિતિ, અને ૪ - છાત્રાલયોમાં કોઇજ સમિતિ નથી.

છાત્રોની દૈનિક પ્રવૃત્તિઓ :

છાત્રાલયમાં છાત્ર સવારથી સાંજ સુધી સતત પ્રવૃત્તિશીલ રહે તે માટે દૈનિક પ્રવૃત્તિઓ સમય પ્રમાણે નક્કી કરવામાં આવતી હોય છે. તે પ્રવૃત્તિઓ કઇ - કઇ છે. તે ભણવાનો પ્રયત્ન કરતા.

સવારમાં ઉત્થાન પછી ક્રમઅનુસાર સફાઇ, પ્રાર્થના, સ્નાન, સ્વ.અધ્યયન, ભોજન, શાળા સાંજે ફરી સફાઇ, પ્રાર્થના સાંજનુ ભોજન સ્વ.અધ્યયન રાત્રે શયન એ રીતનો દૈનિક કાર્યક્રમ ગોઠવાયેલો હોય છે. જો કે એ કહેવુ પડશે કે છાત્રાલયમાં જે સમય-સારણી ગોઠવી છે તેમાંથી મોટાભાગમાં સમય જળવાતો નથી.

કોઠો - ૩ : ૧૩

છાત્રોની સવારથી સાંજ સુધીની દૈનિક પ્રવૃત્તિઓ અને વિવિધ વિકાસ લક્ષી પ્રવૃત્તિઓ અંગેની માહિતી :-

છાત્રોની દૈનિક પ્રવૃત્તિઓ : સવારે — સાંજે

| પ્રવૃત્તિઓ | ઉત્થાન | કસરત | સફાઇ | પ્રાર્થના / સ્નાન | સ્વ.અધ્યયન | ભોજન | શાળા | સફાઇ/પ્રાર્થના | ભોજન | સ્વ.અધ્યયન | શયન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સમય | ૫ | ૫ થી ૩૦ | ૫-૩૦થી ૬-૩૦ | ૬-૩૦થી ૭ | ૭ થી ૯ | ૯-થી ૯-૩૦ | ૧૦ | ૬ થી ૭ | ૭-૩૦ | ૮ થી ૧૦ | ૧૦ |

<u>વિકાસને લગતી પ્રવૃત્તિઓ</u> :

છાત્રોનો સમગ્ર રીતે વિકાસ થાય તે માટે છાત્રાલય દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. છાત્રાલય દ્વારા છાત્રોના વિકાસ માટે કઇ - કઇ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જે અંગેની માહિતી કોઠા નં. ૧૪ માં બતાવવામાં આવી છે.

કોઠામાં બતાવ્યા મુજબ ૩૨ છાત્રાલયોમાંથી ૧૩ છાત્રાલયોમાં શારિરીક વિકાસની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બૌધ્ધિક વિકાસની પ્રવૃત્તિઓ ૮ - છાત્રાલયમાં કરવામાં આવે છે. ધાર્મિક વિકાસની પ્રવૃત્તિઓ ૧૩ - છાત્રાલયમા થાય છે. મનોરંજનની પ્રવૃત્તિઓ ૬ - છાત્રાલયમાં થાય છે. ધાર્મિક વિકાસની પ્રવૃત્તિઓ ૧૩ છાત્રાલયમાં થાય છે.

કોઠો - ૩.૧૪

વિકાસને લગતી પ્રવૃત્તિઓ : ( સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ )

| શારિરીક વિકાસ | | | બૌધિક વિકાસ | | | ધાર્મિક | | | મનોરંજન | | | સાંસ્કૃતિક | | | કલા વર્ગ | | | નાટક તાલીમ | | | ભજન | | | નૃત્ય | | | અન્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ | હા | ના | કુલ |
| ૧૩ | ૧૯ | ૩૨ | ૮ | ૨૪ | ૩૨ | ૧૩ | ૧૯ | ૩૨ | ૬ | ૨૬ | ૩૨ | ૧૬ | ૧૬ | ૩૨ | ૬ | ૨૬ | ૩૨ | ૧૪ | ૧૮ | ૩૨ | ૨૬ | ૬ | ૩૨ | ૧૦ | ૨૨ | ૩૨ | - | ૩૨ | ૩૨ |

સાંસ્કૃતિક વિકાસની પ્રવૃત્તિઓ ૧૬ - છાત્રાલયમાં કરવામાં આવે છે. કલાવર્ગની પ્રવૃત્તિઓ ૬ - છાત્રાલયમાં કરવામાં આવે છે. નાટક - તાલીમની પ્રવૃત્તિઓ ૧૪ - છાત્રાલયમાં કરાવવામાં આવે છે. ભજન અંગેની પ્રવૃત્તિઓ ૨૬ - છાત્રાલયમાં કરાવવામાં આવે છે. અને નૃત્ય અંગેની પ્રવૃત્તિઓ ૧૦ - છાત્રાલયમાં કરાવવામાં આવે છે.

મહેકમ અને કાર્યકરો સંબંધમાં :

છાત્રાલય માટે નક્કી કરેલ માળખા મુજબના કાર્યકરોની સંખ્યા અને હાલમાં કેટલા કાર્યકરો છે તેમજ વધ-ઘટ અંગેની કાર્યવાહી :

છાત્રાલયનું સમગ્ર વહીવટીય અને વ્યવસ્થાને લગતું કામ - કાજ કાર્યદક્ષ રીતે ચાલે તે માટે સરકાર શ્રી દ્વારા દરેક છાત્રાલયને જરૂરી કાર્યકરોની સંખ્યા નક્કી કરી આપી છે.

તપાસેલ છાત્રાલયોમાંથી કાર્યકરો અને તે સંબંધમાં મળેલ માહિતી કોઠા નં.૩.૧૫ મુજબ છે.

કોઠામા બતાવ્યા પ્રમાણે સેટ-અપ મુજબના કાર્યકરોની સંખ્યા ૨ - હોય તેવા છાત્રાલયો ૨ છે. જ્યારે કાર્યકરોની સંખ્યા - ૩ હોય તેવા ૧૮ - છાત્રાલયો, ૪ હોય તેવા ૯ - છાત્રાલયો અને કાર્યકરો ૬ - ૭ અને ૯ હોય તેવા અનુક્રમે ૧૧ - છાત્રાલયો જોવા મળ્યા છે.

## કોઠો - ૩.૧૫

સેટ-અપ મુજબ કાર્યકરોની સંખ્યા અને સ્ટાફ વધ-ઘટ અંગે :

| | સેટ-અપ મુજબ કાર્યકરોની સંખ્યા : | | | | | | | | | હાલમાં કેટલા કાર્યકરો છે. ? | | | | | | | | | | વધ-ઘટ અંગેની કાર્યવાહી ચાલે છે.? શુ ? | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કાર્યકરોની સંખ્યા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | કુલ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | કુલ | હા | ના | કુલ | મુ.ગૃહપતિ ભરતી ક. | મ.ગૃહપતિ ભરતી ક. | કુલ |
| છાત્રાલયની સંખ્યા | ૨ | ૧૮ | ૯ | - | ૧ | ૧ | - | ૧ | ૩૨ | ૧ | ૩ | ૧૭ | ૮ | - | ૧ | ૧ | - | ૧ | ૩૨ | ૨ | ૩૦ | ૩૨ | ૧ | ૧ | ૨ |

સમગ્ર રીતે જોતા સેટ-અપ મુજબના ૩ - કાર્યકરોની સંખ્યા મોટા ભાગની એટલે કે ૧૮ - છાત્રાલયમાં છે.

ઉપર સેટ-અપ મુજબના કાર્યકરોની સંખ્યા જોઇ તેમાંથી હાલમાં કેટલા કાર્યકરો છે. તે જાણતા મોટા ભાગના છાત્રાલયોમાં જરૂરી કાર્યકરો હતા તેવું દેખાયુ.

વધ-ઘટ અંગેની કાર્યવાહી ચાલે છે. હા તો શું ?

હાલમાં જેટલા કાર્યકરો છે તેમજ સંસ્થામાં કાર્યકરોના વધારા કે ઘટાડા અંગેની કોઇ કાર્યવાહી ચાલે છે. તે અંગે પૂછતા કુલ ૩૨ માંથી ફક્ત ૨ - છાત્રાલયોમાં એકમાં મુખ્ય ગૃહપતિ અને ૧ - છાત્રાલયમાં મદદનીશ ગૃહપતિની ભરતી કરવાની કાર્યવાહી ચાલે છે. જ્યારે ૩૦ છાત્રાલયોમાં આ અંગેની કોઇજ કાર્યવાહી ચાલતી નથી.

કાર્યકરો દ્વારા કામગીરી :

આગળ જે સેટ-અપ મુજબના અને હાલમાં કેટલા કાર્યકરો છે. તેમના દ્વારા કામ કાર્યદક્ષ રીતે થઇ શકે છે. કે નહિ અને જો ના થઇ શકતું હોય તો શું કરવુ જોઇએ. તે અંગે નીચેના ચિત્રથી ખ્યાલ આવશે.

કોઠા - નં.૩.૧૬

કાર્યકરો દ્વારા કામ કાર્યદક્ષ રીતે ચાલે છે. ? ના તો શું કરવુ જોઇએ

| હા | ના | કુલ | કાર્યકરો વધારવા | કાર્યકરો બદલવા | કાર્યકરોને તાલીમ આપવી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૭ | ૩૨ | ૪ | ૧ | ૨ | ૭ |
| ૭૮.૧૩, | ૨૧.૮૭, | ૧૦૦, | ૫૭.૧૪, | ૧૪.૨૯ | ૨૮.૫૭ | ૧૦૦ |

કોઠામાં બતાવ્યા મુજબ ૩૨ છાત્રાલયમાંથી ૨૫ (૭૮.૧૩) છાત્રાલયોમાં કામ કાર્યદક્ષ રીતે થઇ શકે છે. જ્યારે ૭ (૨૧.૮૭) છાત્રાલયોમાં કામ કાર્યદક્ષ રીતે થતું નથી તેવી ફરિયાદ છે. આ માટે કારણોમાં ૪ છાત્રાલયોમાં કાર્યકરો વધારવા ૧ - છાત્રાલયમાં કાર્યકરો બદલવા અને ૨ - છાત્રાલયમાં કાર્યકરોને તાલીમ આપવી તેવું સૂચન છે.

કાર્યકરોની જાતિ :

કેન્દ્ર ખાતે ફરજ બજાવતા કાર્યકરો કઇ જાતિના છે. તે અંગે પૂછતા આપેલા કોઠા મુજબની માહિતી મળેલ છે.

કોઠા મુજબ કુલ ૧૦૯ કાર્યકરોમાંથી ૯૦ આદિવાસીઓ છે. અને ૧૯ બિનઆદિવાસી સમાજના છે. આદિવાસીઓમાં પટેલીયા જાતિના - ૪, વારલી - ૧, કુકણા - ૧૦, ધોડિયા - ૧૩, ચોધરી-૫, ગામીત- ૧, વસાવા - ૧૧, ભીલ - ૧૧, ડામોર -૪, રાઠવા- ૨, બારિયા -૩, તડવી -૨, અને ડુંગરી ગરાસિયા- ૨૩, એમ કુલ-૯૦ કાર્યકરો આદિવાસી જાતિના છે. જ્યારે બિનઆદિવાસી કાર્યકરો કુલ - ૧૯ છે. જેમાં ભંગી -૨, પટેલ -૭, ગુરખા- ૨, લુહાર -૧, રાજપુત -૧, કુંભાર -૪ અને વાળંદ -૨, આમ બન્ને મળીને કુલ- ૧૦૯ કાર્યકરો છે.

- કોઠો- ૩.૧૭ -

કાર્યકરોની જાતિ, લિંગ, ઉંમર તથા શિક્ષણ અંગેની માહિતી :

કાર્યકરોની જાતિ / જ્ઞાતિ

| પટેલીયા | ભંગી | પટેલ | ગુરખા | વારલી | કુકણા | ધોડિયા | ચૌધરી | ગામીત | વસાવા | સોની | ભીલ | લુહાર | રાજપુત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૭ | ૧ | ૧ | ૧૦ | ૧૩ | ૫ | ૧ | ૧૧ | ૧ | ૧૧ | ૧ | ૧ |
| ૩.૬૭ | ૧.૮૩ | ૬.૪૨ | ૦.૯૨ | ૦.૯૨ | ૯.૧૭ | ૧૧.૯૩ | ૪.૫૯ | ૦.૯૨ | ૧૦.૦૯ | ૦.૯૨ | ૧૦.૦૯ | ૦.૯૨ | ૦.૯૨ |

| ડામોર | રાઠવા | બારિયા | તડવી | કુંભાર | નાઈ | ડુંગરી ગરાસિયા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૩ | ૨ | ૪ | ૨ | ૨૩ | ૧૦૯ |
| ૩.૬૭ | ૧.૮૩ | ૨.૭૫ | ૧.૮૩ | ૩.૬૭ | ૧.૮૩ | ૨૧.૧૦ | ૧૦૦ |

કોઠો-૩.૧૭ ચાલુ

| લિંગ | | | કાર્યકરોની ઉંમર | | | | | કાર્યકરોનું શિક્ષણ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | કુલ | ૧૫ થી ૨૫ | ૨૬ થી ૩૫ | ૩૬થી ૫૦ | ૫૦થી વધુ | કુલ | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ માધ્ય. | સ્નાતક | ઉચ્ચ | કુલ |
| ૮૨ | ૨૭ | ૧૦૯ | ૨૪ | ૫૪ | ૨૩ | ૮ | ૧૦૯ | ૧૫ | ૩૬ | ૩૦ | ૯ | ૧૭ | ૨ | ૧૦૦ |
| ૭૫.૨૩ | ૨૪.૭૭ | ૧૦૦ | ૨૨.૦૨ | ૪૯.૫૪ | ૨૧.૧૦ | ૭.૩૪ | ૧૦૦ | ૧૩.૭૬ | ૩૩.૦૩ | ૨૭.૫૨ | ૮.૨૬ | ૧૫.૬૦ | ૧.૮૩ | ૧૦૦ |

**કાર્યકરોની લિંગ :**

જે ૧૦૯ કાર્યકરોની સંખ્યા છે. તેમાં લિંગ પ્રમાણે જોતા ૮૨ (૭૫.૨૩) પુરુષો અને ૨૭ (૨૪.૭૭) સ્ત્રીઓ જોવા મળે છે. એટલે કે સ્ત્રી કાર્યકરો કરતાં પુરુષ કાર્યકરોની સંખ્યા વધારે છે.

**કાર્યકરોની ઉંમર :**

કાર્યકરોની ઉંમર અંગે પૂછતા કોઠામાં આપ્યા મુજબ ૧૫ થી ૨૫ વર્ષની ઉંમરના ૨૪ કાર્યકરો, ૨૬ થી ૩૫ વર્ષની ઉંમરના ૫૪ કાર્યકરો, ૩૬ થી ૫૦ વર્ષની ઉંમરના હોય તેવા ૨૩ કાર્યકરો અને ૫૦ થી વધુ વર્ષની ઉંમર ધરાવતા હોય તેવા ૮ કાર્યકરો જોવા મળે છે.

સમગ્ર રીતે જોતા મોટાભાગના એટલે કે ૫૪ કાર્યકરો ૨૬ થી ૩૫ વર્ષની ઉંમરના જોવા મળે છે.

**કાર્યકરોનુ શિક્ષણ :**

છાત્રાલયનું સંપૂર્ણ સંચાલન જેના હાથમાં છે તે કાર્યકરોએ કેટલુ શિક્ષણ મેળવેલુ છે. તે જાણવું જરૂરી છે.

કોઠામાં બતાવ્યા મુજબ પ્રાથમિક સુધીનુ શિક્ષણ મેળવ્યુ હોય તેવા ૩૬ કાર્યકરો, માધ્યમિક શિક્ષણ મેળવ્યું હોય તેવા ૩૦, ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવેલ ૯, સ્નાતક સુધીનું શિક્ષણ મેળવ્યુ હોય તેવા ૧૭ અને ઉચ્ચ શિક્ષણ મેળવનાર -૨ કાર્યકરો જોવા મળે છે. જ્યારે ૧૫ કાર્યકરો અભણ છે.

**કાર્યકરોનો હોદ્દો :**

કાર્યકરોને કયા પ્રકારનું કામ સોંપવામા આવ્યુ છે. તેના આધારે તેમનો હોદ્દો નકકી થાય છે. અહીં ૩૩ કાર્યકરો મુખ્ય ગૃહપતિ/ગૃહમાતાનો હોદો ધરાવે છે. અને ૫- કાર્યકરો મદદનીશ ગૃહપતિ અને ૨૫ કાર્યકરો વોચમેન,૪૫, કાર્યકરો રસોયા અને સફાઇ કામદાર મળી કુલ ૧૦૯ કાર્યકરો ૩૨ છાત્રાલયોમાં મળીને જોવા મળે છે.

સમગ્ર રીતે જોતા સૌથી વધુ સંખ્યા રસોયાની ૪૫ છે. જ્યારે સૌથી ઓછી સંખ્યા સફાઇ કામદાર ની છે.

કોઠો - ૩.૯

કાર્યકરોનો હોદ્દો, માસિક પગાર, કામનો અનુભવ અને સંસ્થામાં કેટલા સમયથી નોકરી કરે છે. તે દર્શાવતો કોઠો :

| કાર્યકરોનો હોદ્દો: મુખ્ય ગૃહપતિ | મુખ્ય ગૃહમાતા | મદદનીશ ગૃહપતિ | વોચમેન | રસોયાં | સફાઈ કામદાર | કુલ | નિશ્વત નથી | ૧૯૦૦/ | ૧૮૦૦/ | ૮૦૦ | ૪૫૦/ | ૧૬૦૦/ | ૭૦૦/ | ૩૦૦/ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | ૧૪ | ૫ | ૨૫ | ૪૫ | ૧ | ૧૦૯ | ૨ | ૮ | ૬ | ૩૩ | ૨૪ | ૧૦ | ૧૨ | ૨ |
| ૧૭.૪૩ | ૧૨.૮૪ | ૪.૫૯ | ૨૨.૯૩ | ૪૧.૨૮ | ૦.૯૨ | ૧૦૦ | ૧.૮૩ | ૭.૩૪ | ૫.૫૦ | ૩૦.૨૭ | ૨૨.૦૨ | ૯.૧૭ | ૧૧.૦૧ | ૧.૮૩ |

| ૧૫૦૦/ | ૧૭૦૦/ | કુલ |
|---|---|---|
| ૨ | ૧૦ | ૧૦૯ |
| ૧.૮૩ | ૯.૧૭ | ૧૦૦ |

કોઠો - ૩.૪૮ ચાલુ

આ કામ અંગેનો કેટલો અનુભવ છે.?

| ત્રણ માસ | છ માસ | એક વર્ષ | એક વર્ષથી વધુ | બિલકુલ નહિ | કુલ |
|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૬ | ૮ | ૮૦ | ૧૦૯ |
| ૬.૪૨ | ૭.૩૪ | ૫.૫૦ | ૭.૩૪ | ૭૩.૩૯ | ૧૦૦ |

આ સંસ્થામાં કેટલા સમયથી કામ કરો છો.

| છ માસ | એક વર્ષ | બે વર્ષ | ચાર વર્ષ | છ વર્ષ | આઠ વર્ષ | દસ વર્ષ | દસવર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૫ | ૨૩ | ૨૪ | ૭ | ૭ | ૧૬ | ૧૦૯ |
| ૭.૩૪ | ૮.૨૬ | ૧૩.૭૬ | ૨૧.૧૦ | ૨૨.૦૨ | ૬.૪૨ | ૬.૪૨ | ૧૪.૬૮ | ૧૦૦ |

કાર્યકરોનો માસિક પગાર :

હોદ્દાની રુએ કાર્યકરોને માસિક કેટલો પગાર આપવામાં આવે છે. તે અંગે પૂછતા ૧૦૯ કાર્યકરોમાંથી ૨ - કાર્યકરોનો માસિક પગાર રૂ.૧૯૦૦/, ૬ કાર્યકરોનો પગાર રૂ.૧૮૦૦/, ૩૩ કાર્યકરોનો રૂ.૮૦૦/, ૨૪ કાર્યકરોનો રૂ.૪૫૦/ ૧૦ કાર્યકરોનો રૂ.૧૬૦૦/ ૧૨ - કાર્યકરોનો રૂ.૭૦૦/, ૨ - કાર્યકરોનો રૂ.૩૦૦/ ૨- કાર્યકરોનો રૂ.૧૫૦૦/, અને ૧૦ - કાર્યકરોનો પગાર રૂ.૧૭૦૦/ જોવા મળે છે.

પગાર નિયમિત મળે છે. ?

પગાર નિયમિત મળે છે તે અંગે પૂછતા જાણવા મળ્યુ કે કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૧૯ છાત્રાલયોમાં પગાર નિયમિત મળે છે. જ્યારે ૧૩ છાત્રાલયોમાં પગાર નિયમિત રીતે અપાતો નથી.

કાર્યકરોનો કામ અંગેનો અનુભવ :

કાર્યકરો પાસે કેટલા સમયનો અનુભવ છે તે અંગે પૂછતા કુલ ૧૦૯ કાર્યકરોમાંથી ૭ - કાર્યકરો ત્રણ માસનો અનુભવ બતાવે છે. ૮ - કાર્યકરો છ માસ, ૬ કાર્યકરો એક વર્ષનો, ૮ -કાર્યકરો ~~પ્રત્યેક~~ કાર્યકરો એક વર્ષથી વધુ સમય અને ૮૦ - કાર્યકરો કોઇ પણ જાતનો અનુભવ ધરાવતા નથી. એનો અર્થ એ કે મોટા ભાગના બિન અનુભવી કાર્યકરો છે.

સંસ્થામાં કેટલા સમયથી કામ કરો છો. ?

કાર્યકરો આ સંસ્થામાં જોડાયા ત્યારથી આજ સુધીનો સમય કેટલો થયો તે અંગેની માહિતી મેળવતા, ૮ કાર્યકરો છ માસથી જોડાયા હતા, ૯ કાર્યકરો એક વર્ષથી ૧૫ કાર્યકરો બે વર્ષથી, ૨૩ કાર્યકરો ચાર વર્ષથી, ૨૪ કાર્યકરો છ વર્ષથી, ૭ કાર્યકરો આઠ વર્ષથી ૭ કાર્યકરો દસ વર્ષથી અને ૧૬ કાર્યકરો દસ વર્ષ કરતા વધુ સમયથી આ સંસ્થામાં કામ કરે છે.

સમગ્ર રીતે જોતા છ વર્ષથી કામ કરતાં હોય તેવા કાર્યકરોની સંખ્યા સૌથી વધુ એટલે કે ૨૪ છે. બાકીની સંખ્યા ઓછી-વતી જોવા મળે છે.

**ગ્રાન્ટ સિવાયની અન્ય આવક :**

છાત્રાલયના આવકના સાધનો વિશે પૂછતાં કે ગ્રાન્ટ સિવાયની અન્ય આવક ખરી ? તો જાણવા મળ્યું કે કરમાંથી ફક્ત ૨ છાત્રાલયમાં ખેતીની આવક જોવા મળે છે. જ્યારે બાકીના ૩૦ છાત્રાલયમાં ગ્રાન્ટ સિવાયની આવક નથી.

**માલક્યાંથી ખરીદવામાં આવે છે. ? અને કોના દ્વારા ખરીદવામાં આવે છે.**

છાત્રાલય માટે જે અનાજ કે ખાધા-ખોરાકીની ખરીદી કરવાકાં આવે છે. તે ક્યાંથી ખરીદવામાં આવે છે. અને કોના દ્વારા ખરીદવામાં આવે છે. તે અંગે પૂછતા કુલ ૩૨ છાત્રાલયોમાંથી ૫ - છાત્રાલયોમાં સસ્તા અનાજની દુકાનમાંથી માલની ખરીદી કરવામાં આવે છે. ૪ - છાત્રાલયોમાં માર્કેટયાર્ડમાંથી અને ૨૩ છાત્રાલયોમાં ખુલ્લા બજારમાંથી માલની ખરીદી કરવામાં આવે છે.

સમગ્ર રીતે જોતા મોટાભાગની છાત્રાલયો એટલે કે ૨૩ - છાત્રાલયો ખુલ્લા બજારમાંથી માલની ખરીદી કરતાં હોય તેમ કહી શકાય.

## કોઠો - ૩.૧૯

માલની ખરીદી અને વાલીફાળા અંગેની માહિતી દર્શાવતો કોઠો :

| ગ્રાન્ટ સિવાયની આવક | | | માલ કયાંથી ખરીદવામાં આવે છે. | | | |
|---|---|---|---|---|---|---|
| ખેતી | નથી | કુલ | સસ્તા અનાજની દુકાન | માર્કેટ યાર્ડ | ખુલ્લા બજારમાંથી | કુલ |
| ૨ | ૩૦ | ૩૨ | ૫ | ૪ | ૨૩ | ૩૨ |
| ૬.૨૫ | ૯૩.૭૫ | ૧૦૦ | ૧૫.૬૨ | ૧૨.૫ | ૭૧.૮૮ | ૧૦૦ |

| કોના દ્વારા વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. | | | | | | | છાત્રોને ખોરાકનું નિયત પ્રમાણ મળે છે. ? | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૃહપતિ | ગૃહમાતા | સંચાલક | મંત્રી | પ્રમુખ | રસોયા | કુલ | હા | ના | કુલ |
| ૯ | ૩ | ૧૧ | ૯ | - | - | ૩૨ | ૨૪ | ૮ | ૩૨ |
| ૨૮.૧૨ | ૯.૩૮ | ૩૪.૩૮ | ૨૮.૧૨ | - | - | ૧૦૦ | ૭૫ | ૨૫ | ૧૦૦ |

જે માલની ખરીદી કરવામાં આવે છે. તે કોના દ્વારા ખરીદવામાં આવે છે. તે અંગે પૂછતા જાણવા મળ્યું કે ૩૨ -છાત્રાલયોમાંથી ૧૨ છાત્રાલયોમાં ગૃહપતિ, ગૃહમાતા દ્વારા માલની ખરીદી થાય છે. ૧૧- છાત્રાલયોમાં સંચાલક દ્વારા અને ૯ - છાત્રાલયમાં મંત્રી દ્વારા માલની ખરીદી કરવામાં આવે છે.

વાલી ફાળો લેવામાં આવે છે. ? હા તો વાર્ષિક કેટલો અને તેનો ઉપયો
---

છાત્રોના વાલી પાસેથી સત્રના પ્રારંભમાં ફાળા પેટે જે રકમ લેવામાં આવે છે તેને વાલી ફાળો કહે છે. આ રકમ અંગે પૂછતાં ૩૨ છાત્રાલયોમાંથી ૫ - છાત્રાલયમાં વાલીફાળો લેવામાં આવે છે. જ્યારે ૨૭ - છાત્રાલયોમાં વાલીફાળો લેવામાં આવતો નથી.

જે ૫-છાત્રાલયોમાં વાલીફાળો લેવામાં આવે છે. તે વાર્ષિક રૂ.૫૦ મુજબ લેવામાં આવેશે. અને તેનો ઉપયોગ ૨ - છાત્રાલયોમાં ગણવેશ માટે, ૧- છાત્રાલયમાં શાકભાજી-ભોજન માટે, ૧- છાત્રાલયમાં સાધન સરંજામ માટે અને ૧- છાત્રાલયમાં રમત- ગમતના સાધનો માટે કરવામાં આવે છે.

છાત્રાલયને લગતા દફતરો છે. ? ' હા ' તો કયાં કયાં :
---

છાત્રાલયનું વહીવટીય કામકાજ સારી રીતે થઇ શકે તે માટે રજીસ્ટરો હોવા જરૂરી છે. છાત્રાલયોમાં દફતરો અંગે તપાસ કરતા બધાજ છાત્રાલયોમાં દફતરો જોવા મળ્યા હતા.

કયા કયા દફતરો રાખવામાં આવે છે. તે અંગે જોતા વિદ્યાર્થી હાજરી પત્રક - ૩૨, છાત્રાલય કોઠાર પત્રક -૩૨, છાત્રાલય ડેડસ્ટોક પત્રક ૨૮, જનરલ રજીસ્ટર -૨૧,

કોઠો - ૩.૨૦

દફતરો (રજીસ્ટરો) અને સમાજ કલ્યાણ અધિકારી વર્ષમાં કેટલી વખત મુલાકાત લે છે. ?

છાત્રાલયને લગતા રજીસ્ટરો છે. 'હા' તો કયા - કયા ?

| હા | ના | કુલ | વિદ્યાર્થી હા.પત્રક | ડેડ-સ્ટોક પત્રક | કોઠાર પત્રક | જ.રજીસ્ટર | વિઝીટ બુક | ખાતાવહી | રોજમેળ | ક.હાજરી પત્રક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨ | - | ૩૨ | ૩૨ | ૨૮ | ૩૨ | ૨૧ | ૩૨ | ૧૯ | ૧૫ | ૩૨ | ૨૪૩ |
| ૧૦૦ | - | ૧૦૦ | ૧૩.૧૭ | ૧૧.૫૨ | ૧૩.૧૭ | ૮.૬૪ | ૧૩.૧૭ | ૭.૮૨ | ૬.૧૭ | ૧૩.૧૭ | ૧૦૦ |

દફતરો કોની પાસે રહે છે. ?

| ગૃહપતિ ગૃહમાતા | સંચાલક | મંત્રી | પ્રમુખ | કુલ |
|---|---|---|---|---|
| ૩૦ | - | ૧ | ૧ | ૩૨ |
| ૯૩.૭૫ | - | ૩.૧૨ | ૩.૧૨ | ૧૦૦ |

તેનું સંચાલન કોણ કરે છે.

| ગૃહપતિ ગૃહમાતા | સંચાલક | મંત્રી | પ્રમુખ | કુલ |
|---|---|---|---|---|
| ૨૨ | ૪ | ૨ | ૪ | ૩૨ |
| ૬૮.૭૫ | ૧૨.૫ | ૬.૨૫ | ૧૨.૫ | ૧૦૦ |

કોઠો - ૩.૨૦ ચાલુ

સમાજ કલ્યાણ અધિકારી દ્વારા વર્ષમાં કેટલીકવાર છાત્રાલયની મુલાકાત લેવાય છે. ?

| એક વખત | બે વખત | ત્રણ વખત | બિલકુલ નહિ | કુલ |
|---|---|---|---|---|
| ૮ | ૧૦ | ૪ | ૧૦ | ૩૨ |
| ૨૫ | ૩૧.૨૫ | ૧૨.૫ | ૩૧.૨૫ | ૧૦૦ |

છાત્રાલય વિઝીટ બુક -૩૨, ખાતાવહી - ૧૯, રોજમેળ - ૧૫ અને કર્મચારી હાજરી પત્રક દરેક છાત્રાલયમાં હતા.

સમગ્ર રીતે જોતા વિદ્યાર્થી હાજરી પત્રક, કર્મચારી હાજરી પત્રક અને કોઠાર પત્રક રજીસ્ટરો ૩૨ - છાત્રાલયોમાં જોવા મળે છે. આ ત્રણ રજીસ્ટરો એ અગત્યના રજીસ્ટરો છે. અન્ય રજીસ્ટરો જરૂરી હોવા છતા બધા છાત્રાલયોમાં જોવા ન મળ્યા જ્યારે વિઝીટ બુક બધાજ છાત્રાલયોમાં હતી

દફતરો કોની પાસે રહે છે. ?

આગળ જે દફતરો જોયા તે કોની પાસે રહે છે. તે અંગે માહિતી પૂછતા જાણવા મળ્યુ કે ૩૨ છાત્રાલયોમાંથી ૩૦ છાત્રાલયોમાં ગૃહપતિ,ગૃહમાતા પાસે દફતરો રહે છે. જ્યારે ૧ - છાત્રાલયમાં મંત્રી પાસે અને એક છાત્રાલયમાં પ્રમુખ પાસે દફતરો રહે છે.

દફતરોનું સંચાલન કોણ કરે છે. ?

દફતરો ગમે તેની પાસે રહેતા હોય પરંતુ તેનું સંચાલન કોઇ બીજી જ વ્યક્તિ દ્વારા થતું હોય છે. તેવું છાત્રાલય વ્યવસ્થામાં જોવા મળે છે. તેથી અહીં તે બાબતની માહિતી મેળવવાનો પણ પ્રયત્ન થયો છે.

૩૨ છાત્રાલયોમાંથી ૨૨ છાત્રાલયોમાં ગૃહપતિ કે ગૃહમાતા દ્વારા દફતરોનું સંચાલન થાય છે. ૪ છાત્રાલયમાં મુખ્ય સંચાલક દ્વારા, ૨ - છાત્રાલયમાં મંત્રી દ્વારા અને ૪ છાત્રાલયમાં પ્રમુખ દ્વારા દફતરોનું સંચાલન થાય છે.

સમાજ કલ્યાણ અધિકારી દ્વારા વર્ષમાં કેટલીવાર છાત્રાલયની મુલાકાત લેવાય છે. ? :

છાત્રાલયના નિયમોનું યોગ્ય પાલન થાય તે માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વર્ષમાં ત્રણ થી ચાર વખત અચાનક છાત્રાલયની મુલાકાત લે તે જરૂરી છે.

સમાજ કલ્યાણ અધિકારી દ્વારા વર્ષમાં કેટલી વખત મુલાકાત લેવામાં આવે છે. તે અંગે જાણતા ૮ - છાત્રાલયોમાં એક વખત, ૧૦ - છાત્રાલયોમાં બે વખત, ૪ - છાત્રાલયોમાં ત્રણ વખત મુલાકાત લેવાય છે. જ્યારે ૧૦ - છાત્રાલયોમાં વર્ષ દરમ્યાન એક પણ વખત મુલાકાત લેવામાં આવી નથી. તેવું જાણવા મળ્યું.

## સંચાલન હસ્તકની અન્ય સંસ્થાઓ :

જે છાત્રાલયોને અભ્યાસ હેઠળ પસંદ કરવામાં આવી છે. તેનું સંચાલન કરતી સંસ્થા નીચે અન્ય બીજી કઇ - કઇ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. તે તપાસતા ૩૨ છાત્રાલયોના જુદા જુદા સંચાલકો દ્વારા પોતાની સંસ્થા હસ્તકની અન્ય પ્રવૃત્તિઓમાં બાલવાડી -૫૭, આશ્રમશાળાઓ -૩૮, છાત્રાલયો -૭૫, માધ્યમિક શાળાઓ-૬૨, ઉત્તરબુનિયાદીશાળાઓ -૮ પ્રાથમિકશાળાઓ-૩, સ્ત્રી અધ્યાપન મંદિર-૨ આર્ટસ-અને સાયન્સ કોલેજ -૩ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-૧ એમ કુલ જુદી જુદી -૨૪૯ સંસ્થાઓ છે.

કોઠો -૩.૨૧

સંચાલન હસ્તકની અન્ય સંસ્થાઓની માહિતી દર્શાવતો કોઠો :

સંચાલન હસ્તકની અન્ય સંસ્થાઓ :

| બાલવાડી | આશ્રમશાળા | છાત્રાલય | માધ્યમિકશાળા | ઉચ્ચબુ.શાળા |
|---|---|---|---|---|
| ૫૭ | ૩૮ | ૭૫ | ૬૨ | ૮ |
| ૨૨.૮૯ | ૧૫.૨૬ | ૩૦.૧૨ | ૨૪.૯૦ | ૩.૨૧ |

| પ્રાથમિકશાળા | સ્ત્રી અધ્યાપન મંદિર | કોલેજ | કૃષિ વિ.કેન્દ્ર | કુલ |
|---|---|---|---|---|
| ૩ | ૨ | ૩ | ૧ | ૨૪૯ |
| ૧.૨૦ | ૦.૮૦ | ૧.૨૦ | ૦.૪૦ | ૧૦૦ |

## પ્રકરણ - ૪

### છાત્રાલય જીવનથી છાત્રોનો વિકાસ :

છાત્રાલયમાં રહેતા બાળકોની સિધ્ધીમાં માત્ર આંકડાઓથી બાળકોએ શું મેળવ્યુ છે. તેનો ખ્યાલ નહી આવે. બાળકોની સિધ્ધીનો યથા સ્થિતિ ખ્યાલ તો તેણે મેળવેલ ગુણાત્મક સિધ્ધી ઉપર છે.

ગુણાત્મક વિકાસ કે સિધ્ધી એટલે છાત્રાલયકાળ દરમ્યાન બાળક પોતાના જીવનમાં જીવનના વિકાસમાં પોતે કેટલું -કેટલું મેળવ્યું પોતે શું પ્રાપ્ત કર્યું અને પોતે શું બન્યો છે. ? એના ઉપરથીજ ખ્યાલ આવે અને આખરે કોઇ પણ સંસ્થાનો ઉદ્દેશએ તેમાં રહેતા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે છે. બુકર ટી વોશિંગ્ટન લિખિત 'છાત્રોને ' એ પુસ્તકમાં પોતે શરૂ કરેલી રસકેજીં સંસ્થા સંબંધે બોલતા કરે છે. કે

આ સંસ્થાનો ધ્યેય પાઠ્ય પુસ્તકોનું શિક્ષણ આપવું, કે ભણનારા ને સુખ સગવડ મળે એજ આશય નથી પરંતુ બુધ્ધિ અને હૃદયનો વિકાસ થાય અને એ વિકાસને પરિણામે બીજાઓને પણ એ વિકાસ પ્રાપ્ત કરાવવા તેમને અભિલાષા થાય એ આ સંસ્થા નો આદર્શ છે. છાત્રાલય અભ્યાસ દરમ્યાન અવલોકનથી, મુલાકાતથી, ચર્ચા ધ્વારા, બાળકોએ શું મેળવ્યુ છે તેની જાણકારી મેળવતા કંઇક આ પ્રકારનું જોવા મળે છે.

(૧) સમુહમાં રહેવાની ભાવના :

કુટુંબમાં સભ્યોની કંઇક મર્યાદા હોય છે. વળી, સભ્યો વચ્ચે નજીકના સંબંધને કારણે પણ મર્યાદા હોય છે. પરંતુ એજ કુટુંબનુ બાળક જયારે છાત્રાલયમાં આવે છે. ત્યારે એ વિધાર્થીઓ જુદા જુદા ગામના જુદા જુદા વાતાવરણમાંથી આવતા જુદા જુદા કુટુંબમાંથી આવેલા હોય છે. પરંતુ છાત્રાલય કાળ દરમ્યાન આ બધી બાબતો ગૌણ બનતી જાય છે. અને બાળકમાં સમુહ જીવન જીવવાની ભાવના વિકસે છે અને સુદઢ બને છે. આ સમુહ ભાવનાને કારણે બાળક પોતાના અંગત પ્રશ્નો કે લાગણીને પણ છોડી છે. અને સમુહ જે કંઇ કરે છે અને જે પ્રમાણે વર્તે તે પ્રમાણે પોતાનુ જીવન અને વ્યવહાર ગોઠવે છે.

(૨) ટેવોનુ ઘડતર :

છાત્રાલયના જે કાંઇ નિયમો હોય, છાત્રાલયે જે કાંઇ વ્યવસ્થા ગોઠવી હોય તેમાં બાળક એકમેક થઇ જાય છે. અને આ છાત્રાલયનાં નિયમો બાળકો માટે ટેવો જેવા બની જાય છે. આ બધીજ ટેવો જુદા જુદા સમયે જીવન ઉપયોગી પણ થાય છે.

(૩) નિયમિતતા :

છાત્રાલય જીવનથી બાળકમાં નિયમિતતાનો ગુણ વિકસે છે. જેમાં સવારે ઉઠવાથી શરૂ કરી પોતાની અંગત ક્રિયાઓ પતાવવી, પ્રાર્થના, સફાઇ, ખાવું, વાંચવું, રમવું, સુવું વગેરે બાબતોથી નિયમિતતા આવે છે. અને બાળક પણ ઘડિયાળને કાંટે પોતાની દરેક પ્રવૃત્તિને ગોઠવે છે.

(૪) સ્વાવલંબન પણું :

પોતાની દરેક ક્રિયા જાતે કરવાનો ગુણ પણ બાળકમાં છાત્રાલય દરમ્યાનજ ખીલે છે. જેમાં બાળકે પોતાનાં રૂમની સફાઇ કરવી. પોતાનો બિસ્તરો બરોબર કરવો, પોતાનો સામાન વ્યવસ્થિત રાખવો, પોતાનાં વાસણો માંઝવા, પોતાનાં કપડા ધોવા વગેરે બાબતો બાળક જાતે કરે છે.

(૫) સ્વચ્છતા :

છાત્રાલય જીવન દરમ્યાન બાળકમાં સ્વચ્છતાનાં ગુણો પણ વિકસે છે. બાળકલે પોતાની રહેવાની જગ્યા બરાબર સાફ કરે છે. તેનું આંગણું પણ સ્વચ્છ રાખે છે. તેના કપડા પણ સ્વચ્છ રાખે છે. અને પોતાનુ શરીર સ્વચ્છ દેખાય તે માટે જાગૃત રહે છે. અને આ સ્વચ્છતાનો ગુણ જ્યારે xxxxxxxx.એ પોતાનાં કુટુંબમાં જાય છે. ત્યારે પણ જાળવી રાખે છે. અને ઘરમાં તેમજ કુટુંબનાં સભ્યોમાં સ્વચ્છતા રહે તે માટે આગ્રહી બને છે. ઘણીવાર બાળકની સ્વચ્છતા જોઇ કુટુંબના અન્ય સભ્યો પણ સ્વચ્છતા માટે જાણે અજાણે કંઇક કરે છે.

(૬) નેતા તરીકે :

છાત્રાલયમાં છાત્રે પોતાની દરેક પ્રવૃતિ પોતેજ કરવાની હોય છે. ઘણી પ્રવૃત્તિઓ તેઓને સંસ્થા માટે પણ કરવાની હોય છે. આ માટે ગૃહપતિ છાત્રાલયમાં વિવિધ સમિતિઓ બનાવે છે. તે સમિતિનાં

નેતા તરીકે છાત્ર જ હોય છે. આ છાત્રોમાંથી મંત્રી બને છે. જેમાં રસોડા મંત્રી, સફાઈમંત્રી, ભોજન ટુકડીનો મંત્રી વગેરે હોય છે. આ મંત્રીઓ જુદી- જુદી સમિતિમાં વારાફરથી બદલાય પણ છે. અને આથી આ છાત્રોમાં દરેક પ્રવૃત્તિના સંદર્ભમાં પોતે શું અને કેવુ કામ કરવું તે અંગે જાણકાર બને છે. અને એ રીતે બાળકમાં નેતા તરીકેના ગુણ વિકસે છે. તેનાં પરિપાકરૂપે બાળક આગળ જતાં સમાજમાં રાજકીય રીતે બીજી પ્રવૃત્તિમાં નેતા તરીકે આગળ આવવા પ્રયત્નશીલ બને છે.

(૭) હરિફાઈ :

છાત્રાલય જીવન દરમ્યાન બાળકમાં હરિફાઈનો ગુણ પણ વિકસે છે જેમાં પોતાની વ્યક્તિલક્ષી બાબતો જેવી કે પોતાની સ્વચ્છતાથી શરૂ કરી વાચન, પરિણામ, રમત-ગમત, સંગીત, નૃત્ય વગેરેમાં બાળક અન્ય બાળકથી આગળ જવા માટે પ્રયત્ન કરે છે.

(૮) વાંચન :

છાત્રાલય વિવિધ પ્રકારનાં સામયિકો વિવિધ પ્રકારનાં વર્તમાન પત્રો, જુદા જુદા ધર્મગ્રંથો વગેરે આવે છે. બાળક પ્રથમ તો વાંચવા તરફ દુરલક્ષ સેવે છે. પરંતુ છાત્રાલયમાં થોડો સમય રહયાબાદ બાળક આ બધું વાંચવા માટે પ્રેરાય છે. આ વાંચન ઉપરાંત પોતાનાં શિક્ષણને સંબંધિત એવા સાહિત્ય અને વાંચન પણ બાળકે કરવાના હોય છે. જે પહેલા ગૃહપતિ ફરજિયાત કરાવે છે. પરંતુ થોડા સમય બાદ બાળક જાતે જ નિયમિત રીતે વાંચતો થાય છે. આમ, વાંચન તરફથી અભિરૂચિ ખીલે છે.

(૯) અભ્યાસેતર પ્રવૃત્તિઓ :

છાત્રાલયમાં અભ્યાસ ઉપરાંતની પણ પ્રવૃત્તિ થાય છે કેમ કે છાત્રાલય એ માત્ર શૈક્ષણિક સંસ્થા નથી પરંતુ બાળકના ચારિત્ર ઘડતર કરવાનું કામ પણ તેમાં થાય છે. અને આથી બાળકને ઘણીવાર છાત્રાલય સમયમાં શૈક્ષણિક કાર્યકરતાં અન્ય પ્રવૃત્તિઓ વિશેષ રહે છે. જેમ કે સમુહ પ્રાર્થના, સમુહ સફાઈ, વગેરે સાથે સાથે બાળકો પ્રવર્તમાન પ્રશ્નોથી વાકેફ થાય તે માટે મહેમાનોના પ્રવચનો બાળકોને રાસ-ગરબા, નૃત્યુ, સંગીત વગેરેની તાલીમ આ બધી બાબતો અભ્યાસેતર છે. પણ ખરી રીતે જોતા જીવનનાં અભ્યાસ માટે અતિ ઉપયોગી છે.

છાત્રાલય જીવન દરમ્યાન ઉપરોક્ત જુદી જુદી બાબતોનો છાત્રોને અને છાત્રો જે સમાજમાંથી આવે છે તે સમાજને ફાયદો થાય છે. આમ છાત્રાલયનો ઉદ્દેશ કેવળ સારાં નાગરિકો કે શિક્ષણમાં મદદરૂપ થવા સુધી ~~પ્રશ્ન~~ મર્યાદિત ન રહેતા છાત્રોને સેવકો બનાવવાનું કામ ~~શુ~~ પણ એ સંસ્થાઓનું છે. અને આખરે જે છાત્રો તૈયાર થઈને આદિવાસી સમાજમાં જાય છે. તેની અસર સમગ્ર સમાજમાં થશે જ તેમાં કોઈ શંકા નથી.

આપણે એ વસ્તુ જોઈ શકીએ છીએ કે આજે સમાજ કેળવણીની દિશા તરફ વળ્યો છે. તેના ફળ સ્વરૂપ જીવનની કેળવણીને મૂર્તિમંત કરવા અનેક છાત્રાલયો અસ્તિત્વમાં આવ્યાં, અને હજું નવા નવા શરૂ થતાં જાય છે. છાત્રાલય સંસ્કાર ઘડતરનું, માનવીય ઘડતરનું કાર્ય કરે છે. આવો ખ્યાલ આમજનતામાં પ્રતિદિન દ્રઢ થતો જાય છે. અને છાત્રાલય જીવનના મીઠા ફળો સમાજને ચાખવા મળ્યાં છે. આથીજ વાલીઓ પોતાના સંતાનોને છાત્રાલયમાં મળતી જીવન કેળવણી વધુ કેમ મળે તેનો વિચાર કરતા થાય છે. અને તેથીજ વાલીઓ પોતાના બાળકોને છાત્રાલયમાં દાખલ કરવા, પ્રવેશ અપાવવા પડાપડી કરતાં હોય છે. આમાં ઘણાં બાળકો છાત્રાલય પ્રવેશથી વંચિત રહેતા હોય છે. એવા સમયે એ બાળકો અને તેના વાલી છાત્રાલયમાં મર્યાદિત સંખ્યામાં લેવાતા નિયમો પ્રત્યે ઘૃણાની, તિરસ્કારની લાગણી દર્શાવતા જોય શકાય છે. મતલબકે છાત્રાલય એ વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત ન રહેતા તેના સમાજને પણ કંઈકને કંઈ અસર કરે છે. તો એ અસરો કેવી છે, તેનો વ્યાપ્ત કેટલો, આ બધા મુદ્દાની ચર્ચા છાત્રાલય વ્યવસ્થાની ચર્ચા કરીએ ત્યારે કરવી આવશ્યક છે. આથી છાત્રાલય જીવનની છાત્રાલય સંસ્થાની આસપાસના સમાજ ઉપર કેવી અને કેટલી અસર છે તેને વિષે જાણતા.

(૧) <u>શિક્ષણની તક</u> :

કોઈ પણ છાત્રાલયનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવશે કે જ્યાં છાત્રાલયો શરૂ થયા છે તેવા વિસ્તારોમાં પ્રથમ શિક્ષણની સ્થિતિ શું હતી અને આજે શું છે. ? આજે છાત્રાલયો માટે સંખ્યાનો પ્રશ્ન પણ નથી રહયો ઉલટું સંખ્યાને નિયંત્રિત કરવા માટે નિયમ આવ્યા અને આજે ઘણાં છાત્રાલયોમાં બાળકો પ્રવેશથી વંચિત રહી જાય છે.

જે આદિવાસી કુટુંબો પોતાની આર્થિક સ્થિતિને લઇને પોતાના બાળકોને શિક્ષણ નહોતાં આપી શકતાં તેઓ આજે છાત્રાવાસને લીધે પોતાના બાળકોને શિક્ષણ આપી શકે છે.

(૨) શિક્ષણમાં નિયમિતતા :

છાત્રાવાસમાં ૨૪ કલાકનું શૈક્ષણિક વાતાવરણ જળવાય રહે છે. હાઇસ્કુલમાં માત્ર ૧૧ થી ૫ બાળકો આંકડા ભેગા કરવાનું કામ કરે છે. જ્યારે છાત્રાલયમાં તો આંકડાઓની સાથે- સાથે ગુણાત્મક શિક્ષણ પણ લે છે. છાત્રાવાસોને લીધે માધ્યમિકશાળાઓ પણ વધુ નિયમિત બની છે. કારણ કે છાત્રાલયો વેકેશન સિવાય નિયમિત ચાલે છે. જેને લઇને માધ્યમિકશાળા પણ નિયમિત રહે છે.

(૩) સમય-પાલન :

છાત્રાલય જીવનને લઇને આદિવાસી બાળકોમાં સમય પાલન આવ્યુ છે જેમાં સવારે પ્રાતઃકાળમાં ઉઠવું, દાંતણ કરવું, પ્રાર્થના કરવી, સફાઇ કરવી, ભોજન લેવું, સ્કુલમાં જવું, સાંજે રમતો રમવી, વાંચન કરવું, અને સુવું આ બધુ અમુક સમયેજ થાય છે. આથી બાળક પણ છાત્રાલયના સમયના તાલે ભાગ મિલાવતો થઇ ગયો છે. આ બધા કામોની વત્તાઓછા પ્રમાણમાં પોતાના ઘરે ગયા પછી પણ અસર જળવાય રહે છે.

(૪) રહેણીકરણી :

બાળક છાત્રાલયમાં રહે તેથી તેની રહેણીકરણીમાં પણ પરિવર્તન આવ્યુ છે. છાત્રાલયને લઇને બાળક અન્ય બાળકો સાથે સંપર્કમાં આવે છે. શિક્ષકો સાથે પણ સંપર્કમાં આવે છે. અને બીજા મોટા સમુદાયોનાં સંપર્કમાં પણ આવે છે. આ બધામાંથી બાળક કંઇકને કંઇક મેળવે છે. કંઇકને કંઇ શિખે છે. આ બધાની અસર લઇને પોતાના ઘરે જાય છે. અને એનાં ફળ સ્વરૂપે બાળકમાં શૈક્ષણિક, ધાર્મિક, સમાજ જીવનનાં પ્રશ્નોની અને રાજકીય બાબતો પરની જાણકારી વધવા લાગી છે.

બાળક છાત્રાલયમાં હોય છે તે દરમ્યાન તેના મા-બાપ, ભાઇઓ, સંબંધીઓ તેને મળવા માટે આવે છે. અને આ બધાજ છાત્રાલયના વાતાવરણથી પરિચિત થાય છે. આવનાર સભ્યો ઉપર જાણે અજાણે બોલવા, ચાલવા, પહેરવા, ઓઢવા, બીજાની સાથે વાતો કરવામાં બીજાની સાથે વ્યવહાર કરવામાં પરિવર્તન આવવા માંડે છે.

(૫) સમાજ જીવનમાં પરિવર્તન :

ભૌગોલિક પરિસ્થિતિને કારણે આદિવાસીઓ અન્ય સમાજથી વિખૂટા હતા પરંતુ તે સાથે આર્થિક અને શૈક્ષણિક પછાત પણાને લઇને તેઓ વિકસતા સમાજથી અલગ પડી ગયા હતા તેથી તેમનું મોટા ભાગનું જીવન તેમની પરંપરાને લઇને ચાલે છે. તેઓનો જીવનમાં એવી ઘણી બાબતો છે કે જે પહેલેથીજ ચાલી આવતી હોય તે ચાલુ છે. કદાચ આ બાબત તેમના સમાજ માટે ગૌરવરૂપ હોઇ શકે પરંતુ સાથે એવી કેટલીક બાબતો છે કે જે તેના માટે સાપરૂપ પણ છે. તેથી તેનો સમાજ વર્ષોથી શોષાતો આવેલો છે. તેમની અંધશ્રદ્ધા, તેમની અજ્ઞાનતા, તેમનાં રુઢિગત ખ્યાલો એ બધામાંથી તેમને બહાર કાઢવામાં આવા છાત્રાલયોએ પણ આડકતરી રીતે તેમનું યથાયોગ્ય પ્રદાન કર્યું છે.

(૬) શોષણ વિમુખતા :

નિરક્ષરતાને લઇને આદિવાસી સમાજનું શોષણ થતું હતું તે આજે શિક્ષણનાં પ્રસારને લઇને કંઇક અંશે દુર થયુ છે. જે બાળકો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી ફરી પાછા પોતાના સમાજમાં ગયા છે. ત્યા તેમણે રોજબરોજનાં જીવન વ્યવહારમાં પણ રસ લેવા માંડયો છે જે લોકો દ્વારા તેમનું શોષણ થતું હતુ તેમને તેઓ ઓળખવા લાગ્યા છે. તેઓ કઇ કઇ રીતે શોષણ કરે છે. તેમનો ખ્યાલ પણ તેમને આવતો ગયો છે. અને આ બધામાંથી આદિવાસી સમાજને મુક્ત કરવા માટે તેઓ પ્રયત્નશીલ રહે છે જો કે આની અસર જોઇએ તેટલી દેખાતી નથી.

(૭) એક પ્રેરક ભૂમિકા તરીકે :

ગુજરાતના આદિવાસી છાત્રાલયો સમાજ માટે એક પ્રેરક ભૂમિકા રૂપે પણ છે એ અર્થમાં કે છાત્રાલયોમાં રહીને બાળકોનો શૈક્ષણિક વિકાસ તો થાય જ છે. પરંતુ સાથે સાથે તેમનાં જીવનનો, સંસ્કારિતાનો, ચારિત્ર્યનું ઘડતર પણ થાય છે. અને આની અસર તેના સમાજ પર પણ પડી છે.

આમ, સમગ્ર રીતે જોતા છાત્રાલયની અસર બાળકો ઉપર અને તેના સારાય સમાજ ઉપર થાય છે. કદાચ તેમાં કયાંય ત્રૂટી લાગે તો આપણે એને ન જોવું જોઇએ અને નાનાભાઇ ભટ્ટે જે કહયુ છે તેમ 'મહાપુરુષોના જીવનમાં એક બાજુ તેમના જીવનની ઉચ્ચતા અને બીજી બાજુ તેમનાં જીવનની આવી તેવી નિર્બળતા આપણને દેખાય ત્યારે આપણા જેવા સામાન્ય માણસોએ

તેમના જીવનની મહત્તા ઉપર વધારે લક્ષ આપવુ અને આવી નાની-મોટી નબળાઇઓ માનજ જીવન સાથે સાથે થોડલ ઘણી આવી ગઇ હોય તેને સામાન્ય ગણીને તેના તરફ ઉપેક્ષા કરવી એજ મહાપુરુષોને મેળવવાનો સાચો માર્ગ છે. અજુબ આવુંજ છાત્રાલય જીવનનું પણ છે.

## છાત્રાલયો : પ્રશ્નો, તારણો અને સુઝાવો :

આદિવાસી બાળકોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે રાજ્ય તરફથી આદિવાસી વિસ્તારોમાં છાત્રાવાસો શરૂ કરવામાં આવ્યાં આમાનાં કેટલાંક છાત્રાવાસોનું સંચાલન રાજ્ય સરકાર તરફથી થાય છે. તો મોટા ભાગનાં છાત્રાલયો ચલાવવાની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડી છે. આદિવાસી બાળકોમાં શિક્ષણ વધુ પ્રસરે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તન,મન, ધનથી બધુંજ કરી છૂટે છે. આમાં સરકારશ્રી તરફથી નિયમાનુસાર અનુદાન મળે છે.

રાજ્યમાં આદિવાસી બાળકો માટે લગભગ છેલ્લા ૭૫ વર્ષોથી છાત્રાલયો ચાલે છે. આમાં ચડતી- પડતી પણ આવી છે. છાત્રાલયો અને તેના સંચાલકોને ઘણા પ્રશ્નો છે. તેમાં કામ કરતાં કાર્યકરો અને બાળકોના પણ કેટલાંક પ્રશ્નો છે. અને આ સંબંધમાં વધુ જાણવાની સરકારશ્રીને ઈચ્છા પણ છે. એટલે છાત્રાલય મૂલ્યાંકન અભ્યાસ પ્રવર્તમાન સમયમાં અતિ ઉપયોગી અને જરૂરી અભ્યાસ છે.

અભ્યાસ દરમિયાન છાત્રાલય વ્યવસ્થા સાથે સંકળાયેલ સરકારી અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકો, છાત્રાલયનાં કાર્યકરો અને છાત્રોને મળ્યા બાદ, છાત્રાલય વ્યવસ્થા સંબંધી અને તેના જુદા જુદા પાસાં સંબંધી ઘણું ઘણું જાણવા મળ્યુ જેમાં છાત્રાલયના પ્રશ્નો, અભ્યાસના તારણો અને છાત્રાલય વ્યવસ્થાને વધુ ઉપયોગી કરવા માટેના કેટલાંક સુઝાવો રજુ કર્યાં છે. આ બધાનો યોગ્ય ઉપયોગ થશે તો રાજ્યનાં છાત્રાલયો અત્યારે જે રીતે દષ્ટાંતરૂપે ચાલે છે તેમાં ઉમેરો થશે, અને ગુજરાતના છાત્રાલયો દેશ માટે નમૂના રૂપ બનશે.

### છાત્રાલય વ્યવસ્થાના પ્રશ્નો :

(૧) છાત્રાલયનુ વાતાવરણ

ઘણા છાત્રાલયોમાં છાત્રાલય વાતાવરણ કેટલેક અંશે ઓછુ થતુ જતુ હોય તેમ દેખાય છે. સૂકુ અને મંદ વાતાવરણ, લાદેલુ અનુશાસન આસપાસનો ઘોંઘાટ, ગૃહપતિ સાથે છાત્રોનો આત્મીયતાનો અભાવ, આ બધાને લઈને આળસ, અપ્રમાણિકતા, બેધ્યાનપણા અને અસ્થિરતા વગેરે સર્જાય છે. છેલ્લા વર્ષોમાં ખુલેલા મોટાભાગમાં છાત્રાલયોમાં આ સ્થિતિ દેખાય છે.

(૨) છાત્રાલય જીવનમાં અનુભવાતી મુશ્કેલી :

રહેવામાં અનુકુળતા થયા પછી સમુહ જીવનમાં પાઠ ભણાવા, બધા સાથે રહેવું, પ્રાર્થવુ, ભજવું, જમવું, વાંચવુ, વિચારવું, સ્વાવલંબી બનવુ, વગેરેમાં પણ બાળક અનુકૂળ ન બને તેવું પણ બનતું હોય છે.

(૩) છાત્રાલયમાં વાસ :

અભ્યાસમાં આવરી લીધેલા તેમજ અન્ય છાત્રાવાસો જોયા તેના પરથી એટલુ કહી શકાય કે છાત્રાલયમાં છાત્રો સરળતાથી અને વ્યવસ્થિત રીતે રહી શકે તેવી સગવડો ઓછી છે. કાંતો એક નાના રૂમમાં ૧૦ થી ૧૨ છાત્રો રહે છે. અથવા તો મોટા હોલમાં બધાજ છાત્રોને સાથે રહેવાનું આ વ્યવસ્થા બાળકોનાં અભ્યાસ અને વિકાસ માટે બરોબર નથી.

(૪) ભૌતિક સગવડોનાં પ્રશ્નો :

વિધાર્થી છાત્રાલયમાં રહીને સારી રીતે અભ્યાસ કરી જીવન ઘડતરની કેળવણી મેળવે તે માટે સરકારે કેટલીક લઘુતમ સગવડો નકકી કરી છે. પરંતુ નિયમાનુસાર આપવી પડતી કેટલીક આવશ્યક સગવડોનો પણ કેટલાંક છાત્રાલયમાં અભાવ છે. જેમ કે કેટલાંક છાત્રાલયમાં પીવાનાં પાણીની સગવડ, રૂમમાં મોકળાશથી રહી શકે તેવી અને તેટલી જગ્યા,છાત્રોને વીજળીનો પૂરતો પ્રકાશ મળી રહે તેવી સગવડતા ઓછી દેખાય છે.

(૫) ભોજનનાં પ્રશ્નો

ભોજનમાં રુચિનો પ્રશ્ન એક બાજુ રહેવા દઇએ તો પણ છાત્રોને સ્વાસ્થય પૂર્ણ નિયમિત, પોષ્ટિક અને પ્રમાણસર ભોજન ન મળતુ હોય તેવું જોવાયું છે. આ માટે અનુદાન પણ પૂરતાં પ્રમાણમાં ન મળતું હોય તેમ લાગે છે. એક બાળક દીઠ ભોજન પેટે રોજનાં રૂ. ૧૦.૩૩ ( હાલમાં) થાય આમાં બે ટાઇમ જમવાનુ અને નાસ્તો તેમજ ભોજન સાથે અન્ય ખર્ચાઓને ગણવામાં આવે છે.ઘણાનુ કહેવુ છે કે બાળકોને ઘરે આનાથી નબળુ મળે છે. તેથી ચલાવી લે છે. ભોજનમાં પણ તેને માટેની સ્વચ્છતા, સફાઇ અને ભોજનની વિવિધતાનાં કેટલાંક પ્રશ્નો છે.

(૬) <u>સફાઇ</u>

છાત્રાલયમાં બાહ્ય સફાઇનું ધોરણ ઠીક ઠીક સચવાય છે. છતાં થોડા અપવાદો બાદ કરતાં જાજરૂ, પેશાબખાનનાં તેમાંથી ઉત્પન્ન થતાં ખાતરનું પૂરા વૈજ્ઞાનિક ઢબે સદ્ઉપયોગ આજના ગ્રામસમાજ સાથે તેનો અનુબંધ વગેરેનું શિક્ષણ આપવામાં આજના છાત્રાલયો ભાગ્યેજ સફળ થતાં જોઇ શકાય છે.

(૭) <u>અભ્યાસનાં પ્રશ્નો</u>

વિદ્યાર્થીઓનો છાત્રાલયમાં રહેવાનો ઉદ્દેશ સારું શિક્ષણ મેળવવાનો હોય છે. પરંતુ છાત્રાલયમાં સારાં અભ્યાસ માટેના વાતાવરણની અને ભૌતિક સગવડતાની ઉણપોને કારણે છાત્રો સારી રીતે અભ્યાસ કરી શકતા નથી. છાત્રાલયોમાં શૈક્ષણિક માર્ગદર્શનની જરૂર છે.

(૮) <u>આરોગ્યનાં પ્રશ્નો</u>

સરકારશ્રીના નિયમાનુસાર છાત્રાલયમાં દવાઓની પ્રાથમિક સુવિધા રાખવી આવશ્યક છે. આમ છતાં મોટા ભાગનાં છાત્રાલયોમાં આ સુવિધાનો અભાવ છે. બાળકને આરોગ્ય સંબંધી કોઇ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે નાની - નાની બાબતોમાં પણ દવાખાને કે ખાનગી ડૉક્ટરને ત્યાં દોડી જવું પડે છે.

(૯) <u>કુટુંબનો આર્થિક દરજ્જો</u>

છાત્રાલયમાં બાળકને રહેવા અને જમવા માટેની સુવિધા મફત છે. આમ, છતાં બાળકની પોતાની અંગત જરૂરિયાત માટે થોડા ઘણાં પૈસાની જરૂર પડે છે. આવી જરૂરી એવી સુવિધા પૂરી પાડવાનુ આર્થિક રીતે અસમર્થ વાલીઓ માટે મુશ્કેલ બને છે. જે બાળકના શિક્ષણમાં અવરોધ આવે છે. છાત્રાલયમાં પણ 'ગરીબ રાહત નીધિ' શિક્ષણ રાહત [illegible] નીધિ' કે જેવી પ્રવૃત્તિ શરૂ કરી તેમાં મદદ આપવાની વ્યવસ્થા થાય તો આ સમસ્યા હલ કરી શકાય.

(૧૦) <u>ગૃહપતિની મુશ્કેલી</u>

છાત્રાલય સંચાલન અંગેનાં નિયમોમાં કેટલીક વિસંગતતાઓ તથા સ્પષ્ટ સુરેખ વહિવટી માળખું ન હોવાને કારણે ગૃહપતિઓ મુઝવણ અનુભવતા હોય છે. અને આ બધામા છેવટે સહન કરવાનો વારો છાત્રોને આવે છે.

કેટલાંક ગૃહપતિઓની દૃષ્ટિએ તેમનાં કાર્યક્ષેત્રમાં સંચાલકોનો જે હસ્તક્ષેપ થાય છે. તેથી તેમનું કાર્ય વધુ મુશ્કેલ બને છે. છાત્રાલયોમાં છાત્રનું હાજરી પત્રક, હિસાબ-પત્રક વગેરેની કાર્યવાહીમાં સંસ્થાના વડાની સૂચના નિર્ણયક ગણાય. જો તેમાં ગૃહપતિ વાદ-વિવાદમાં ઉતરે તો નોકરી છોડવાનો વારો આવે છે.

(૧૧) <u>કર્મચારી ગણ</u>

છાત્રાલય વ્યવસ્થા સંભાળવા અને ચલાવવામાં કર્મચારી ગણ છે. તેની સંખ્યા ઘણી ઓછી છે. વળી કર્મચારી ગણને જે વેતન આપવામાં આવે છે. તે તો ઘણું ઓછુ છે. આને લઇને કર્મચારી ગણ છાત્રાલયમાં સ્થિરતાથી રહેતા નથી. હાલમાં તો એમ કહી શકાય કે તેઓને અન્ય કંઇ કામ ન મળવાથી છાત્રાલયમાં રહે છે. આની અસર છાત્રાલય વ્યવસ્થા છાત્રાલય સંચાલન અને બાળકોના ઘડતર પર પણ પડે છે. આથી છાત્રાલય વ્યવસ્થાના મહત્વના અને પાયાના પ્રશ્ન તરફ વધુ ધ્યાન આપવાની તાતી આવશ્યકતા છે.

આ ઉપરાંત કેટલાંક પ્રશ્નોને ટુંકમાં જોઇએ તો. વિદ્યાર્થીઓ માટે લાઇટ, પંખા તેમજ પૂરતા રૂમોની સગવડ નથી.

૨. પીવા માટેની તકલીફ

૩. પૂરતા પ્રમાણમાં સંડાસ બાથરૂમનો અભાવ

૪. શાકભાજી માટે કે છાત્રાલયનાં આકસ્મિક ખર્ચ માટે જે નાણાની જરૂરિયાત હોય છે તે મંડળ તરફથી સમયસર અપાતી નથી.

૫. છાત્રો માટે ટેબલ-ખુરશીનો અભાવ

૬. આરોગ્ય માટેની યોગ્ય વ્યવસ્થા નથી.

૭. ગણવેશ આપવામાં આવતો નથી.

૮. પેપર લેવા-જમની સગવડ નથી.

૯. કેટલેક સ્થળે ગૃહપતિની જગ્યા કેટલાય સમયથી ખાલી છે.

૧૦. ગૃહપતિ, રસોયા તેમજ અન્ય છાત્રાલયનાં સ્ટાફ માટે મકાન, પંખા, અને પૂરતી પ્રાથમિક સુવિધાનો અભાવ છે.

૧૧. રસોયા નિયમિત હાજર ન રહેતા વિદ્યાર્થીઓને જાતે રસોઇ બનાવવી

૧૨. રસોડાની સુવિધા નથી. રસોય ખુલ્લી જગ્યામાં થાય છે.
૧૩. અનાજનો પુરવઠો અનિયમિત રીતે અને અપુરતો આપવામાં આવે છે.
૧૪. કર્મચારીઓનો પગાર નિયમિત રીતે મળતો નથી.
૧૫. પગાર આપવામાં આવતો નથી.

સારણો :

અગાઉ છાત્રાલય અભ્યાસ સબંધી આપેલ પ્રકરણો અને તેના વિશ્લેષણથી કેટલાંક સ્પષ્ટ તારણો નીકળે છે.

૧. જે જે આદિવાસી વિસ્તાર (જિલ્લા)માં આદિવાસી છાત્રાવાસો ઉપર વધુ ધ્યાન અપાયુ છે. ત્યા આદિવાસી શિક્ષણનું પ્રમાણ વધુ છે. એટલે છાત્રાવાસોને શિક્ષણના અભિન્ન અંગ તરીકે ગણીને એને વધારવા અને વિકસાવવા પ્રયત્નો થવા જોઇએ.
૨. છાત્રોને રહેવા માટે રૂમમાં ૪૦ ચોરસ ફૂટની જે સગવડ નિયમની રીતે નક્કી કરી છે. તે પ્રમાણેની સગવડ સંચાલકો ઉભી કરી શકયા નથી.
૩. મુલાકાત લીધેલ છાત્રાલયમાંથી માત્ર એકાદ-બે છાત્રાલયમાંજ પ્રાથમિક સારવારની દવાની પેટી જોવા મળી હતી.
૪. છાત્રોના વાલી પાસેથી વાલીફાળો લેવામાં આવે છે. જેનો ઉપયોગ દૈનિક વર્તમાનપત્રો અને સામયિકો માટે થવો જોઇએ. પરંતુ મોટા-ભાગના સંચાલકો આનો ઉપયોગ અન્ય રીતે કરે છે.
૫. હાલ ભોજન માટે અપાતા અનુદાનમાં ભોજન ખર્ચ સાથે બળતણ, દળામણ, પાણી ખર્ચ,દવા અને વીજળી ખર્ચને ગણવામાં આવે છે. આથી છાત્રોને પૂરતો અને પૌષ્ટિક ખોરાક અપાતો નથી.
૬. જે શાળાનું પ્રતિવર્ષ ધોરણ-૧૦ નું પરિણામ સારું આવે છે. તેવી શાળા સાથેના છાત્રાલયમાં છાત્રોનો ધસારો પ્રમાણમાં વધુ રહે છે.
૭. છાત્રાવાસોમાં પ્રતિવર્ષ કેટલાંક બાળકો પ્રવેશથી વંચિત રહે છે.
૮. જે વાલીઓના બાળકો છાત્રાલય પ્રવેશથી વંચિત રહી જાય છે. તેમાંના જે વાલીઓની આર્થિક સ્થિતિ સારી હશે તેઓ સ્વખર્ચે પણ બાળકોને છાત્રાલયમાં મૂકી અભ્યાસ કરાવે છે.

સુઝાવો :

છાત્રાલય સંબંધી સુઝાવો ત્રણ વિભાગમાં વહેંચ્યા છે.
૧. સરકાર માટેના ૨. સંચાલકો માટેનાં ૩. ગૃહપતિ માટેના

(૧) સરકાર માટેના સુઝાવો :

૧. સરેરાશ ૨૦ માધ્યમિક છાત્રાલય દીઠ એક છાત્રાલય ધો-૧૧ અને ૧૨ નાં વિદ્યાર્થીઓ માટે હોવું જોઇએ.

૨. ૫ થી ૧૦ પ્રાથમિક શાળાના જૂથ વચ્ચે એક માધ્યમિક શાળા અને ૪ થી ૫ માધ્યમિકશાળાના જૂથ વચ્ચે એક ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય અને મોટું છાત્રાલય હોવુ જોઇએ. આ મુજબની અલગ વ્યવસ્થા સરકારશ્રીએ વિચારવી જોઇએ.

૩. કોઇ પણ સંજોગોમાં બે માઇલથી વધારે ચાલીને શાળામાં જવું પડે એમ હોય ત્યા શાળા સાથે છાત્રાલય પણ રાખવું.

૪. સરકારશ્રી તરફથી હવે મુખ્ય ગામ અથવા તો તાલુકા મથકે જ છાત્રાલયો ખોલવા જોઇએ જેથી આદિવાસી બાળક બહારનાં સંપર્કમાં આવે.

૫. સંચાલકોને સમાજ કલ્યાણ તરફથી મકાન અંગે નકશો આપવો જોઇએ અને તે પ્રમાણે સંસ્થા મકાન બનાવે તેવું કંઇક કરવુ જોઇએ. મકાન અંગ્રેજી અક્ષર ઇ કે સી આકારનું હોય તે ઇચ્છવા યોગ્ય છે.

૬. જે સંસ્થા સારી રીતે ચાલતી હોય ત્યાં પ્રતિવર્ષ માન્ય સંખ્યા વધારવી જોઇએ.

૭. એક સંચાલક મંડળ નીચે કેટલાં છાત્રાલય આપવા તેનું મર્યાદાનું ધોરણ નક્કી કરવું જોઇએ.

૮. જે બિન આદિવાસી જિલ્લામાં આદિવાસીની વસતિ છે તેવા જિલ્લામાં નવાં છાત્રાલય શરૂ કરવા જોઇએ.

૯. આદિવાસી કન્યાઓ માટે વધુ છાત્રાલયોની વ્યવસ્થા થવી જોઇએ.

૧૦. છાત્રાલયોનું નિરંતર નિરીક્ષણ થવું જોઇએ. અને સ્વયંપૂર્ણ છાત્રાલયો કેમ ચલાવવાં એ વિષે સલાહ આપનાર મંડળ ઉભુ કરવું આવશ્યક છે.

૧૧ દરેક છાત્રને સુવા માટે પાટ, પાથરવા માટે શેતરંજી અને ઓશીકું તો મળવા જ જોઇએ.

૧૨. છાત્રાલય ફરતી દિવાલ / તારની વાડ કરી આપવાની વ્યવસ્થા થાય તો સારું.

૧૩. છાત્રાલયમાં છાત્રોને શૈક્ષણિક જ્ઞાન મળી રહે તે માટે ટી.વી. આપવા જોઇએ.

૧૪. છાત્રાલય સાથે આરોગ્ય સુવિધા હોવીજ જોઇએ.

૧૫. છાત્રોને સારા અભ્યાસ માટે છાત્રાલયમાં કોચીંગ વ્યવસ્થા છે. પરંતુ આનો સમય ગાળો ટુંકો છે. આથી આ વ્યાવસ્થા વધુ સમય માટે ચાલે તેમ કરવું અમુક છાત્રાલયમાં અનું અમલીકરણ થતું ન હોય તેવુ જોવામાં આવ્યુ છે. છાત્રોના શૈક્ષણિક વિકાસ માટે માટે કોચીંગ વ્યવસ્થા અનિવાર્ય ગણવી જોઇએ.

૧૬. સરકાર દ્વારા ચાલતા અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતાં છાત્રાલયોનો તુલનાત્મક અભ્યાસ અને મુલ્યાંકન થવા જોઇએ.

૧૭. ગૃહપતિ/ગૃહમાતાને સંચાલનની તાલીમ આપવી જોઇએ. એવુ જોવાયું છે કે ગૃહપતિ બાળકોનું માનસ, તેમના શિક્ષણની અભિરૂચી વગેરે જાણતાં નથી આ બધા વિષે ગૃહપતિને તાલીમ આપવી જોઇએ.

૧૮. પત્રાચાર દ્વારા ગૃહપતિઓની તાલીમની વ્યવસ્થા કરવી જોઇએ.

૧૯. છાત્રાલય સંચાલનની સમગ્ર કાર્ય પ્રણાલી ગૃહપતિને આવડવી જોઇએ.

૨૦. છાત્રાલય કાર્યકરોને વર્ષ દરમ્યાન કેટલીક રજાઓ મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

૨૧. ગૃહપતિને વર્ષમાં એકાદવાર અન્ય છાત્રાલયની મુલાકાત લેવાની છૂટ આપવી જોઇએ.

૨૨. ગૃહપતિ /ગૃહમાતા અને રસોઇયાઓને તેમના અભ્યાસ અને અનુભવને ધ્યાનમાં લઇ તેમને મેટ્રિક સ્નાતક કે ટ્રેઇન સ્નાતક સમકક્ષ પગાર, પ્રો.ફંડ, ભથ્થા વગેરે આપવા જોઇએ. તેઓને પગાર-ધોરણ આપવુંજ જોઇએ.

૨૩. ગૃહપતિ/ગૃહમાતા અને રસોઇયાઓને પગાર નિયમિત મળે તે માટેની આચાર સંહિતા ઘડવી જોઇએ. અને તેમની નોકરીની સલામતી હોવી જોઇએ.

૨૪. રસોઇયાઓને પણ સારું અને પૌષ્ટિક ભોજન બનાવવાની અને રસોડાની સારી સફાઇ માટેની તાલીમ આપવી જોઇએ.

૨૫. એક સંચાલક મંડળ દ્વારા વધુ સંસ્થાઓ ચાલતી હોય તેવા કિસ્સા છે. જેમાં ગ્રાન્ટ સંસ્થાની મુખ્ય કચેરીમાં અપાય છે. પરંતુ અવલોકન અને ચર્ચા દ્વારા એવું લાગ્યું કે દરેક સંસ્થાવાર જ ગ્રાન્ટ આપવી જોઇએ. આ પણ પૂરતુ નથી. સંસ્થાવાર ગ્રાન્ટ વપરાવી જોઇએ. અને તેને સંચાલક મંડળની બીજી સંસ્થાઓની ગ્રાન્ટ સાથે ભળી જતી અટકાવવી જોઇએ.

૨૬. ભોજન સાથે અન્ય ચાર્જ જેવા કે બળતણ, વીજળી, પાણીખર્ચ, વગેરેને ન ગણવા જોઇએ. છાત્રાલય માટે થતા મુસાફરી ખર્ચ, પાણી ખર્ચ અને સ્ટેશનરી ખર્ચ અનુદાન માટે માન્ય ગણવો જોઇએ.

૨૭. સરકાર સંચાલિત છાત્રાલયોમાં બાળક દીઠ ભોજન ખર્ચની મર્યાદા નથિ જ્યારે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિતમાં બાળકદીઠ ભોજન ખર્ચની મર્યાદા નક્કી કરેલ છે. બધા બાળકો જ્યારે સાથે મળે છે ત્યારે ભોજન અંગેની ચર્ચાઓ થતી હોય છે જે બાળ માનસ પર વિપરીત અસર કરે છે.

૨૮. ગ્રાન્ટ સંબંધી વિચાર પ્રતિવર્ષે કરવો જોઇએ અને આના માટે એક સમિતિ હોવી જોઇએ.

૨૯. છાત્રો માટે પ્રવાસ આયોજન ગ્રાન્ટ આપવી જોઇએ.

૨. <u>સંચાલકો માટેના સૂચનો</u> :

૧. રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ આદિવાસી શિક્ષણ વિકાસમાં સુંદર યોગદાન આપ્યું છે. સ્વૈચ્છિક સંસ્થાઓની ભવ્ય પરંપરા આપણા રાજ્યમાં ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે બીજી રાજ્યોની સરખામણીમાં આપણે ત્યાં ઘણી સારી કામગીરી થઇ છે. આ બાબતમાં સંચાલકોએ વધુ કાર્યક્ષમકામ કરી પ્રણાલિકા જાળવી રાખવી જોઇએ.

૨. છાત્રાલય સાથે જમીનની સગવડ રાખી, કેળા, પપૈયા ઉગાડવાનું નક્કી કરે તેમજ થોડા શાકભાજી પણ ઉગાડે તો ઝાઝા ખર્ચવિના બાળકોને ઉત્કૃષ્ટ ખોરાક મળી રહે.

૩. છાત્રાલયમાં ગૌણ વ્યવસાય તરીકે કોઇ ઉદ્યોગ ગોઠવવો જોઇએ. દા.ત. વસ્ત્રવિદ્યા, ઇલેક્ટ્રોનીક્સ, સાયકલ, રેડિયો રીપેરીંગ વગેરે ગોઠવી શકાય.

૪. છાત્રાલય લોબીમાં નોટીસ બોર્ડ અને ઘંટ રાખવો જોઇએ.

૫. ઘણા છાત્રાલયોમાં રૂમની લંબાઇ પ્રમાણે પ્રકાશ માટે ગોળાની સુવિધા પૂરતી હોતી નથી. તો દરેક બાળકને પ્રકાશ મળી રહે તે જોવું જોઇએ.

૬. બાળકોનો સામાન વ્યવસ્થિત રહી શકે તે માટે રૂમોમાં કબાટની વ્યવસ્થા કરવી જરૂરી છે.

૭. જે છાત્રાલયોમાં જાજરૂની સુવિધા છે. તેવા છાત્રાલયોમાં બાળકો જાજરૂ માટે બહાર જતા હોય તેવું જોવામાં આવ્યું બાળકો જાજરૂ માંટે બહાર કેમ જાય છે. તે જાણવુ જોઇએ. બાળકો જાજરૂનો ઉપયોગ કરતાં થાય તેવું તેમને સમજાવવું જોઇએ. આમ કરવાથી બાળકોમાં ટેવ કેળવાશે. વળી, સફાઇકામ પણ તેના દ્વારા કરાવવાથી સફાઇ અંગેની જાગૃતિ પણ આવશે.

૮. દરેક બાળકને અઠવાડિયે એક સાબુ મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. જેથી બાળક સ્વચ્છ રહી શકે.

૯. છાત્રાલયની સમિતિમાં સમાજમાંથી પણ સભ્યોને લેવા જોઇએ.

૧૦. છાત્રાલયમાં વધુ અભ્યાસ અંગેના માર્ગદર્શન માટે સરકારી કે બિનસરકારી તજજ્ઞોની મદદ મેળવવી જોઇએ.

૧૧. દરેક છાત્રાલય પાસે ગ્રંથાલય હોવું જ જોઇએ.

૧૨. છાત્રાલયમાં રમત-ગમતનાં સાધનો હોવા જોઇએ.

૧૩. ગૃહપતિની ખાલી જગ્યા ભરવી જોઇએ.

૧૪. ગૃહપતિ તેમજ અન્ય સ્ટાફ છાત્રાલયમાં જ રહે તે માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી જોઇએ.

૧૫. ગૃહપતિને વર્ષમાં એકાદ વખત અન્ય છાત્રાલયો જોવાની છૂટ આપવી જોઇએ.

(૩) <u>ગૃહપતિ - ગૃહમાતા માટેના સૂચનો</u> :

૧. ગૃહપતિ - ગૃહમાતાએ વિદ્યાર્થીઓ સાથે ભોજન કરવું જોઇએ.

૨. ગૃહપતિ - ગૃહમાતાએ છાત્રોનું મિત્ર બનવુ જોઇએ. ફોજદાર નહિ.

૩. ગૃહપતિ - ગૃહમાતાનું જીવન - વ્યકિતત્વ વગેરે નમૂનારૂપ હોવું જોઇએ. જેથી છાત્રો તેમાંથી શીખે.

૪. ગૃહપતિ લોકશાહી વલણવાળા જોઇએ. આ વલણ તેનાં વર્તનમાં પાયારૂપ હોવું જોઇએ.

XXXXXXXXXXXXXXXXXXXXX